

# માર્ચ

# ૨૦૧૯

## Most IMP Current Affairs

www.crackgpsc.com

# સ્પેશ્યલ થેન્ક્સ

## શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ
## (ડે. કલેક્ટર)

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



# Most Imp Current Affairs – March 2019

1

- કેન્દ્રીય રેલ મંત્રી પીયુષ ગોયલ ચોથા વાર્ષિક કાર્નોટ પુરસ્કારથી સન્માનિત.
- UAE અને સાઉદી અરબની કેન્દ્રીય બેંકોએ 'અબર' નામનું ડિજિટલ ચલણ શરૂ કર્યું. આ ચલણ ક્રોસ-બોર્ડર ટ્રાન્ઝેક્શન્સને વધુ સુરક્ષિત અને આર્થિક રીતે સક્ષમ બનાવશે.
- કેન્દ્રએ હજ યાત્રા પરનો GST 18%થી ઘટાડીને 5% કરી દીધો.
- મધ્ય પહંગ રાજ્યના સુલતાન અબ્દુલ્લા સુલતાન અહમદ શાહની મલેશિયાના 16મા રાજા તરીકે તાજપોશી.
- લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચોપડા NCCના ડિરેક્ટર જનરલ (DGNCC) નિયુક્ત.
- વાઈસ એડમિરલ એમ. એસ. પવાર ડેપ્યુટી ચીફ ઓફ નેવલ સ્ટાફ (DCNS) નિયુક્ત.
- વાઈસ એડમિરલ અજિત કુમાર પી. પશ્ચિમી નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચિફ નિયુક્ત.
- જર્મની, ફ્રાન્સ અને યુ.કે.એ ઈરાન સાથે 'INSTEX' નામની એક પેમેન્ટ ચેનલ શરૂ કરી. આ ચેનલ અમેરિકન પ્રતિબંધોને દૂર કરવામાં મદદ કરશે.
- ભારતીય મહિલા ક્રિકેટ કેપ્ટન મિતાલી રાજ 200 ODI મેચ રમનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની. મિતાલીએ હેમિલ્ટનમાં ન્યુઝીલેન્ડ સામે રમીને આ ઉપલબ્ધિ મેળવી.
- નિતીન ગડકરીએ નવી દિલ્હીમાં દૂરદર્શન પર 'રગ રગમાં ગંગા' નામનો યાત્રા-વૃત્તાંત કાર્યક્રમ શરૂ કર્યો.
- અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ વિચારોને સમજવાલાયક યોગ્ય વાણીમાં રૂપાંતરિત કરી શકે એવી આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ વિકસાવી. આ ટેકનોલોજીથી મુંગા અથવા બોલી ન શકનાર લોકોને સંવાદ કરવાની ક્ષમતા મેળવવામાં મદદ કરશે.
- RBIએ બેંક ઓફ મહારાષ્ટ્ર અને ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સને પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન (PCA) ફ્રેમવર્કમાંથી દૂર કરી.

2

- 2 ફેબ્રુઆરી: વર્લ્ડ વેટલેન્ડ્સ ડે. 2019નો વિષય - વેટલેન્ડ્સ એન્ડ ક્લાઈમેટ ચેન્જ. પ્રથમ વર્લ્ડ વેટલેન્ડ્સ ડે ઈ.સ. 1997માં ઉજવાયો હતો.
- અમેરિકામાં પોલાર વોર્ટેક્સનાં કારણે ભારે હિમવર્ષા.
- રેન્કિંગ બ્રાન્ડ ફાઈનાન્સ રિપોર્ટ: એમેઝોન ટોપ પર. TATA ભારતની નંબર વન બ્રાન્ડ અને 100માં ભારતની એકમાત્ર બ્રાન્ડ. ટોપ 500માં ભારતની 9 બ્રાન્ડ. એમેઝોનના જેફ બેજોસ વિશ્વના નંબર વન CEO.
- મુંબઈમાં કાલા ઘોડા કલા મહોત્સવ શરૂ. આ ભારતનો સૌથી મોટો મલ્ટી-કલ્ચરલ સ્ટ્રીટ ફેસ્ટીવલ છે.
- દિલ્હીના ઇસ્કોન મંદિરમાં 800 કિ.ગ્રા વજન ધરાવતી દુનિયાની સૌથી મોટી ગીતા મૂકવામાં આવી.

- તમિલનાડુએ 'ધ બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ' કેટેગરીમાં 'સ્વચ્છ ભારત યાત્રા' એવોર્ડ જીત્યો. મદુરાઈ અને શિવકાશીને 'ધ બેસ્ટ પરફોર્મિંગ સિટી' તરીકે માન્યતા આપવામાં આવી.
- પાકિસ્તાન સરકાર દ્વારા હજ યાત્રા પરની સબસિડી બંધ કરાઈ.

3

- ઓરિસ્સા સરકારે યુનિસેફ ઇન્ડિયા સાથે ભાગીદારી કરી 'જીવન સંપર્ક' પરિયોજના શરૂ કરી. આ યોજના અંતર્ગત ટ્રાઇબલ ગ્રુપમાં રાજ્ય સરકારની વિકાસલક્ષી અને કલ્યાણકારી પહેલ વિષે જાગૃતિ ફેલાવવામાં આવશે.
- સુંજય સુધીર માલદીવમાં ભારતના રાજદૂત નિયુક્ત.
- સંયુક્ત રાષ્ટ્રોએ વર્ષ 2019ને ઇન્ટરનેશનલ યર ઓફ પીરીયોડીક ટેબલ (IYPT) તરીકે ઘોષિતકર્યું. સૌપ્રથમ પીરીયોડીક ટેબલ રશિયન વૈજ્ઞાનિક ડેમિત્રી ઈવાનોવિચ મેન્ડેલિફે ડીઝાઇન કર્યુ હતું.
- ગોલ્ફર વાણી કપૂર ઓસ્ટ્રેલિયન વિમેન્સ PGA ટૂરનું કાર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બની. બલારત ગોલ્ફ ક્લબમાં ક્વાલિફાઈંગ ટૂર્નામેન્ટમાં આ કાર્ડ મેળવ્યું.
- INS દ્રોણાચાર્ય ટીમે સાઉથ નેવલ કમાન્ડની 'કોચ્ચિ એરિયા પુલિંગ રેગાટા-2019'માં રેગાટા ટ્રોફી જીતી.
- ઋષિ કુમાર શુક્લા સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન (CBI)ના ડિરેક્ટર નિયુક્ત.
- દિલ્હીમાં 20મો ભારત રંગ મહોત્સવ (BRM) યોજાયો.
- ભારત સરકારે ઔદ્યોગિક સંસ્થા 'ધ ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ પોલીસી એન્ડ પ્રમોશન' (DIPP)નું નામ બદલીને ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટર્નલ ટ્રેડ (DPIIT) કર્યું.
- AFC એશિયન કપ જીતીને કતાર પ્રથમ વખત એશિયન ચેમ્પિયન બન્યું.
- 1 ફેબ્રુઆરીથી અમલમાં આવેલ ભારતની નવી ઈ-કોમર્સ નીતિ અંતર્ગત ઈ-કોમર્સ કંપનીઓ જેમાં પોતાની ઇક્વિટી હોય તેવી પ્રોડક્ટ્સ નહિ વેચી શકે.

4

- કેન્દ્રીય રેલવે અને સંચાર મંત્રી મનોજ સિંહાએ કુંભ મેળા પર એક વિશેષ ટપાલ ટિકિટ બહાર પાડી. આ નિમિત્તે પાંચ રૂપિયાની કિંમતનું એક વિશેષ 'ફર્સ્ટ ડે કવર' પણ બહાર પાડ્યું.
- અમરાવતીમાં આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નવા ભવનનું ઉદઘાટન.
- નાગરિક (સુધારા) વિધેયકના વિરોધમાં પ્રખ્યાત મણિપુરી ફિલ્મકાર અરિબમ શ્યામ શર્માએ 2006માં પોતાને મળેલ પદ્મ શ્રી પુરસ્કાર સરકારને પરત કર્યો.
- નરેન્દ્ર મોદીએ લેહમાં KBR એર પોર્ટના નવા ટર્મિનલના નિર્માણની આધારશિલા મૂકી.
- 4 ફેબ્રુઆરી: વર્લ્ડ કેન્સર ડે. આ વર્ષની થીમ - આઈ એમ એન્ડ આઈ વિલ.
- ICCની ODI બેટિંગ રેન્કિંગમાં સ્મૃતિ મંધાના પ્રથમ ક્રમે.
- ઈરાને 1,350 કિ.મી. ક્ષમતાવાળી એક નવી ક્રૂઝ મિસાઈલ (હોવેઈઝેહ)નું સફળ પરીક્ષણ કર્યું. આ પરીક્ષણ ઈરાનની ઈ.સ. 1979ની ઇસ્લામિક ક્રાંતિના ઉત્સવ સમયે કરાયું.
- ત્રીજું ASEAN-ભારત યુવા શિખર સંમેલન ગુવાહાટીમાં યોજાયું. સંમેલનમાં 10 અસિયાન દેશો અને ભારતના યુવા પ્રતિનિધિઓએ ભાગ લીધો.

crackgpsc.com

- હરિયાણા હેમર્સે પંજાબ રોયલ્સને હરાવીને પ્રો-રેસલિંગ લિગ (PWL)નો ખિતાબ જીત્યો.
- વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલ રિપોર્ટ-2018 અનુસાર ભારત પર્યટન ક્ષેત્રે ત્રીજા સ્થાને.
- વિશ્વનો સૌથી મોટો 33મો શિલ્પ મેળો સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય મેળો હરિયાણાના ફરીદાબાદમાં આયોજિત. મેળાનું આ સંસ્કરણ મહારાષ્ટ્ર થીમ પર આધારિત છે.

5

- સંજીવ રંજન કોલમ્બિયા ગણરાજ્યમાં ભારતના નવા રાજદૂત નિયુક્ત.
- નેપાળના પૂર્વ કાયદા મંત્રી નીલામ્બર આચાર્ય ભારતમાં નેપાળના રાજદૂત નિયુક્ત.
- પાકિસ્તાનની સના મીર 100 T20 ઇન્ટરનેશનલ મેચ રમનાર પ્રથમ એશિયન મહિલા ક્રિકેટર બની.
- નવી દિલ્હીમાં ઇન્ડિયન ઓસિયન રિમ એસોસિએશન (IORA)ની બેઠક યોજાઈ. IORA એક આંતર-સરકારી સંગઠન છે જેની સ્થાપના ઇ.સ. 1995માં થઇ અને 22 સંકટગ્રસ્ત દેશો તેના સભ્યો છે તથા મુખ્યાલય મોરેશિયસમાં છે.
- દુનિયાના કેથલિકોના નેતા પોપ ફ્રાંસિસ અરબની ખાડીની યાત્રા કરનાર પ્રથમ પોંટિફ બન્યા. તેમણે UAEમાં એક આંતર-ધાર્મિક બેઠકમાં ભાગ લીધો.
- પોપ ફ્રાન્સિસ અને અલ-અજહરના ગ્રાન્ડ ઈમામે ચરમપંથ સામે લડવા માટે સાથે મળીને કામ કરવા માટેના ઐતિહાસિક ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા. આ ઘોષણાપત્ર જાતિ, ધર્મ અને રાષ્ટ્રો વચ્ચેની શાંતિનું અહવાન કરે છે.
- એર ઇન્ડિયાના પ્રથમ ફ્લાઈટ સિમ્યુલેટર બોઇંગ-747-200ને મુંબઈમાં નહેરુ સાયન્સ સેન્ટરમાં સાર્વજનિક પ્રદર્શન માટે મૂકવામાં આવ્યું. CAE, કેનેડા દ્વારા નિર્મિત આનું 1980માં એર ઇન્ડિયા દ્વારા અધિગ્રહણ કરવામાં આવ્યું અને 21 વર્ષ સુધી સેવામાં રહ્યું.
- વિવિધ ક્ષેત્રોના વક્તાઓને વિવિધ પ્રાસંગિક મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કરવા માટેની એક પહેલ સ્વરૂપે પૂણેમાં 'વર્ડ્સ કાઉન્ટ ફેસ્ટીવલ-2019' યોજાયું.
- ફિનો પેમેન્ટ્સ બેંકે સ્વીપ એકાઉન્ટ સુવિધા શરૂ કરવા માટે સૂર્યોદય સ્મોલ ફાયનાન્સ બેંક સાથે ભાગીદારી કરી.
- શ્રમ મંત્રાલય દ્વારા મહિલાઓને ભૂમિગત ખાણોમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી. આ પહેલાં માઈન્સ એક્ટ-1952 અંતર્ગત મહિલાઓના ઓપન કાસ્ટ માઈન્સમાં કામ કરવા પર પ્રતિબંધ હતો.
- સ્વિગીએ બેંગલુરૂ સ્થિત AI સ્ટાર્ટઅપ Kint.io ખરીદી લીધું.

6

- જુઆન ગાઈડો વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિયુક્ત.
- યુનિપ્રોએ 'એયુમીના'ના નવોન્મેષ માટે 'ઇનોવેશન એન્ડ ડેટા સાયન્સ' કેટેગરીનો એજિસ ગ્રેહામ બેલ એવોર્ડ-2019 મેળવ્યો.
- પી. વી. ભારતી કોર્પોરેશન બેંકનાં નવા MD અને CEO નિયુક્ત.
- રમિત ટંડને સિટલ ઓપન સ્ક્વોશનું ટાઇટલ જીત્યું.
- સપ્ત શક્તિ કમાન્ડ ભારતીય સેના તરફથી 'અભ્યાસ રાહત'નું આયોજન કરશે.

crackgpsc.com

- મિનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સે દીનદયાલ અંત્યોદય મિશનના લાભ સૌથી નબળા વર્ગો સુધી પહોંચાડવા માટે એક પહેલ 'શહેરી સમૃદ્ધિ ઉત્સવ' શરૂ કરી.
- MSME મંત્રાલય દ્વારા નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NFDC) મિનિ રત્ન શ્રેણી અંતર્ગત વિજેતા ઘોષિત.
- મુંબઈ હાઈકોર્ટે RBIને દ્રષ્ટિહીન લોકોને ભારતના વિવિધ ચલણી નોટોનાં મૂલ્યવર્ગ ઓળખવા માટે એક મોબાઈલ એપ વિકસાવવા કહ્યું.
- ભારતે ફ્રેન્ચ ગુયાનાથી પોતાનો કોમ્યુનિકેશન સેટેલાઈટ GSAT-31 લોન્ચ કર્યો. GSAT-31 ભારતનો 40મો કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. GSAT-31 ATM મશીનની કનેક્ટિવિટી, DTH વગેરે સેવાઓ માટે ઉપયોગી છે. યુરોપિયન સ્પેસ એજન્સી (ESA)ના રોકેટ ઓરિઆન-5 દ્વારા લોન્ચ કરાયેલ આ સેટેલાઈટ નિવૃત્ત થઇ રહેલ INSAT-4CRનું સ્થાન લેશે. ઓરિઆન-5માં સાઉદી અરબનો ઉપગ્રહ હેલાસસેટ-4 પણ હતો. 6,495 કિ.ગ્રા. વજન ધરાવતા આ ઉપગ્રહનું કામ સાઉદી અરબને કોમ્યુનિકેશન પૂરું પાડવાનું છે.

7

- ચાઇનીઝ મોબાઈલ કંપની ઓપ્પોએ દેશમાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને વિકસાવવા અને તેનું સમર્થન કરવા માટે તેલંગાણા સરકાર સાથે સમજૂતી કરી.
- ભારતમાં વર્ષ 2015થી 2018 દરમ્યાન રેવન્યુ મેળવનાર ટોચનાં 10 સ્મારકોમાં તાજમહેલ પ્રથમ સ્થાને.
- જમ્મુ-કાશ્મીર સ્થિત તહરીક-ઉલ-મુઝાહિદ્દીન પર ગૃહ મંત્રાલયે પ્રતિબંધ મૂક્યો. આ ગ્રુપ 1990માં અસ્તિત્વમાં આવ્યું અને કાશ્મીરની આઝાદી માટે લડવાની સાથે અનેક આતંકવાદી પ્રવુત્તિઓમાં સામેલ રહ્યું છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) એપને ગુગલ પ્લે સ્ટોર પર લોન્ચ કરવામાં આવી.
- કેન્દ્રીય કાપડમંત્રી સ્મૃતિ ઈરાનીએ મુંબઈમાં 'ઇન્ડિયા સાઈઝ' પરિયોજના શરૂ કરી. આનો ઉદ્દેશ્ય રેડી-ટુ-વિયર કપડાઓના ઉદ્યોગ માટે એક સ્ટાન્ડર્ડ ઇન્ડિયન સાઈઝ નિર્ધારિત કરવાનો છે.
- ગુજરાતમાં 24 કલાક દુકાનો ખુલ્લી રાખી શકાશે. કેબિનેટે વર્ષ 1948નો ગુમાસ્તા ધારો રદ કરીને શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-2019 અમલમાં મૂકવાનો નિર્ણય લીધો.
- મંત્રીમંડળે પ્રસાર ભારતીની 'બ્રોડકાસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ' યોજના શરૂ કરવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો.

8

- પશ્ચિમ બંગાળના માયાપુરમાં એક વિશ્વ વિરાસત કેન્દ્ર સ્થાપવામાં આવશે જેમાં 45 દેશોના 'આધ્યાત્મિક શિબિર' હશે. માયાપુર ISCKONનું ગ્લોબલ હેડક્વાર્ટર છે.
- મેસેડોનિયાએ નોર્થ એટલાન્ટીક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO)માં સામેલ થવા માટે સમજૂતી કરતાં તે NATOનો 30મો સભ્ય દેશ બન્યો.
- સ્વચ્છ ભારત મિશને મુંબઈમાં અમિતાભ બચ્ચનની ઉપસ્થિતિમાં 'દરવાઝા બંધ ભાગ-2' અભિયાન શરૂ કર્યું.

- સુપ્રીમ કોર્ટે સશસ્ત્ર પોલીસ દળની CRPF, BSF, ITBP, RPF અને SSBને 'ઓર્ગેનાઈઝ્ડ સર્વિસીસ'નો દરજ્જો આપ્યો. તથા તેના તમામ કર્મચારીઓને સેવા સંબંધી લાભ આપવા આદેશ કર્યો.
- ભારતના સૌથી વયસ્ક હાથી 'ગ્રેની દક્ષાયિણી'નું કેરળમાં 88 વર્ષની વયે મૃત્યુ. 'ગજા મુથસી'ની ઉપાધિથી સન્માનિત આ હાથીએ દાયકાઓ સુધી મંદિરનાં સરઘસ અને અનુષ્ઠાનોમાં ભાગ લીધો હતો.
- નવી દિલ્હીમાં તેલ ઉદ્યોગ દ્વારા ઉજ્જવલા ઉત્સવ ઉજવાયો. કૈલાસ ખેર દ્વારા રચિત PMUY ગાન 'ઉજ્જવલા ભારત ઉજ્જવલા' પણ લોન્ચ.
- અમેરિકા ભારતને 190 મિલિયન ડોલર્સની કિંમતે બે બોઇંગ-777 હેડ-ઓફ-સ્ટેટ એરક્રાફ્ટ માટે બે એડવાન્સ્ડ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ વેચશે.
- નવી દિલ્હીમાં ભારત-આફ્રિકા સ્ટ્રેટેજિક ઇકોનોમિક કો-ઓપરેશન પર એક ઇન્ટરએક્ટિવ સેશન યોજાયું.
- RBIએ રેપો રેટ ઘટાડીને 6.25% કર્યો. રિવર્સ રેપો રેટ અને બેંક રેટ અનુક્રમે 6% અને 6.25% કરવામાં આવ્યો.
- 8 ફેબ્રુઆરી: નેશનલ ડિવોર્મિંગ ડે (NDD).

9

- શ્રી શૈલેષ મિનીસ્ટ્રી ઓફ માઈનોરિટી અફેર્સના સચિવ નિયુક્ત.
- એર ઇન્ડિયાના CMD અને ચેરમેન પ્રદીપ સિંઘ ખરોલા નાગરિક ઉડ્ડયન (સિવિલ એવિએશન) મંત્રાલયના સચિવ નિયુક્ત.
- સ્મૃતિ મંધાના મહિલા T20 ઇન્ટરનેશનલમાં સૌથી ઝડપી ફિફ્ટી (24 બોલમાં) મારનાર ભારતીય બની. ન્યુઝીલેન્ડની સોફી ડિવાઈન મહિલા T20 ઇન્ટરનેશનલમાં વિશ્વની સૌથી ઝડપી અર્ધશતક (18 બોલમાં) મારનાર ખેલાડી છે.
- SBIના બ્રિટનના પ્રમુખ સંજીવ ચઢ્ઢા 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન'થી સન્માનિત. દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાન બદલ તેમને લંડનના આ પુરસ્કારથી નવાજવામાં આવ્યા. શ્રી જવાહરલાલ નહેરુ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય PM હતા.
- નાસાના એક વિશ્લેષણ અંતર્ગત વર્ષ 2018 ધરતીનું ચોથું સૌથી ગરમ વર્ષ રહ્યું.
- કેન્દ્રએ આવક વેરા લોકપાલ અને અપ્રત્યક્ષ કર લોકપાલની નાબૂદીનો પ્રસ્તાવ મંજૂર કર્યો.
- વિદર્ભ સતત બીજી વખત રણજી ટ્રોફી જીતનાર છઠ્ઠી ટીમ બની.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમ 100મી ટી20 રમનાર વિશ્વની છઠ્ઠી ટીમ બની.
- હિટમેન રોહિતે એક દિવસમાં 5 રેકોર્ડ બનાવ્યા. (1) T20માં સૌથી વધુ રન, (2) T20માં 100 છગ્ગા, (3) સૌથી વધુ છગ્ગા (349)નો ભારતીય રેકોર્ડ, (4) સૌથી વધુ 50+ સ્કોર, (5) ન્યુઝીલેન્ડમાં જીત અપાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન. આ ઉપરાંત ભારતને સૌથી વધુ મેચ જીતાડવાની બાબતમાં કોહલીની બરાબરી કરી.
- આંતરરાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા (IP) સૂચકાંક-2019માં ભારત 36મા ક્રમે. 2018માં ભારત 50 અર્થવ્યવસ્થાઓમાંથી 44મા ક્રમે હતું. આ સૂચકાંક પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને વેપાર રહસ્ય સુરક્ષાઓને કવર કરનાર 45 ઇન્ડિકેટર્સના આધારે ક્રમાંક આપે છે.

crackgpsc.com

10

- નાસાએ માર્કો ક્યુબેટ્સ નામના પોતાના પ્રથમ મિની-સ્પેસક્રાફ્ટ સાથેનો સંપર્ક ગુમાવ્યો. આ પ્રકારની લો-કોસ્ટ ટેકનોલોજી ડીપ સ્પેસમાં કામ કરી શકે છે કે નહિ એનું પરીક્ષણ કરવાના ઉદ્દેશ્યથી નાસાએ EVE અને WALL-E ઉપનામવાળા આ માર્કો ક્યુબેટ્સને ગયા વર્ષે લોન્ચ કર્યો હતો.
- યસ બેંકે ડેટા સાયન્સમાં તેના 'યસ એંગેજ એનરિચ એક્સેલ" પ્રોજેક્ટ માટે એજિસ ગ્રેહામ બેલ એવોર્ડ-2018 જીત્યો.
- દિલ્હીમાં સડક અકસ્માત અને દુર્ઘટનાના કારણોની તપાસ કરવા માટે 'ઝીરો ફેટલિટી કોરિડોર' શરૂ કરાયો.
- ફ્રાન્સનો 38 વર્ષીય જોહાન ક્લારે મેડલ જીતનાર સૌથી મોટી વયનો સ્કીયર બન્યો.
- ઓરિસ્સામાં ગજપતિ જિલ્લાના જિરાંગમાં ગુરુ પદ્મસંભવની 19 ફૂટ પ્રતિમાનું અનાવરણ. આ પ્રતિમા પૂર્વ ભારતના સૌથી મોટા બુદ્ધ મઠ પદ્મસંભવ મહાવિહારની નજીક 'પદ્મ સરોવર' નામના એક મોટા તળાવની વચ્ચે રાખવામાં આવી. પદ્મસંભવ તિબેટીયન બુદ્ધ ધર્મના સંસ્થાપક છે.
- IIT મદ્રાસે રોબર્ટ બોશ સેન્ટર ફોર ડેટા સાયન્સ એન્ડ આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સનું ઉદઘાટન કર્યું.
- જમ્મુ-કાશ્મીર સરકારે લદ્દાખ માટે એક અલગ એડમિનિસ્ટ્રેટીવ રેવન્યુ ડિવિઝન બનાવવાની મંજૂરી આપી. આ ડિવિઝનમાં લેહ અને કારગિલ જિલ્લા સામેલ હશે અને તેનું મુખ્યાલય લેહમાં હશે. આમ જમ્મુ અને કાશ્મીર બાદ લદ્દાખ ત્રીજું ડિવિઝન બનશે.
- જેરેમી લાલરિનુંગાએ થાઈલેન્ડના ચિયાંગ માઈમાં EGAT કપ ઇન્ટરનેશનલ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની 67 કિ.ગ્રા. કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો. જયારે મીરાબાઈ ચાનૂએ મહિલાઓની 48 કિ.ગ્રા. કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે 'એશિયાઈ સિંહ સંરક્ષણ પરિયોજના' શરૂ કરાઈ. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ-1972ની અનુસૂચિ-1માં એશિયાઈ સિંહને સર્વોચ્ચ સંરક્ષણ સ્તર પ્રદાન કરવામાં આવેલ છે.

11

- મૂલચંદ શર્મા દ્વારા લેખિત પુસ્તક 'લૉ, જસ્ટિસ એન્ડ જ્યુડીશીયલ પાવર-જસ્ટિસ પી. એન. ભગવતીનો દ્રષ્ટિકોણ' પ્રકાશિત. જસ્ટિસ ભગવતી ભારતમાં જનહિત યાચિકાના જનક કહેવાય છે.
- જંગલી જાનવરોની પ્રવાસી પ્રજાતિઓના સંરક્ષણ પર આધારિત 13મું કોન્ફરન્સ ઓફ પાર્ટી (COP) સંમેલન ફેબ્રુઆરી-2020માં ગાંધીનગરમાં યોજાશે.
- ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ (GIB) ફેબ્રુઆરી-2020માં ગાંધીનગરમાં યોજાનાર સંયુક્ત રાષ્ટ્ર પ્રવાસી પ્રજાતિ સંરક્ષણના 13મા સંમેલનનું શુભંકર ઘોષિત. આ શુભંકર કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધને લોન્ચ કર્યું.
- દિવ્યાંગ બાળકો માટે કરેલ સેવાકાર્યો માટે પશ્ચિમ બંગાળના 92 વર્ષીય પાદરી ફાધર ફ્રેંકોઇસ લેબોર્ડને લેગિયન ડી'હોનૂર (લીજન ઓફ ઓનર). લેગિયન ડી'હોનૂર ફ્રાન્સનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.
- હિમાચલ પ્રદેશના ઉના જીલ્લાના સિંઘાન ગ્રામમાં હિમાચલનો પ્રથમ મેગા ફૂડ પાર્ક શરૂ.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના તિરુપુરમાં ESICની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની આધારશિલા મૂકી.



crackgpsc.com

- નરેન્દ્ર મોદીએ ગ્રેટર નોઇડાનાં ઇન્ડિયા એક્સ્પો સેન્ટરમાં પેટ્રોટેક-2019નું ઉદઘાટન કર્યુ. ભારતના આ પ્રમુખ હાઈડ્રોકાર્બન સંમેલનમાં લગભગ 70 દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- પ્રસિદ્ધ બોલીવુડ અભિનેતા મહેશ આનંદનું નિધન.
- લોસ એન્જેલસના સ્ટેપલ્સ સેન્ટરમાં 61મો ગ્રેમી એવોર્ડ્સ યોજાયો. કાસે મુસગરેવે આલ્બમ ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો અને કાર્ડી બી સોલો આર્ટીસ્ટ તરીકે બેસ્ટ રેપ આલ્બમ એવોર્ડ જીતનાર પ્રથમ મહિલા બની.

12

- પાકિસ્તાનની નેવિ દ્વારા યોજાતો દ્વિવાર્ષિક બહુરાષ્ટ્રીય નેવિ અભ્યાસ ‘AMAN-19’ પાકિસ્તાનના નેવિ ડોકયાર્ડમાં શરૂ. આમાં 45 રાષ્ટ્રો સહભાગી છે.
- શેન વોર્ન આગામી IPL માટે રાજસ્થાન રોયલ્સના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ઉત્તરાખંડના ટિહરી જિલ્લામાં એક હિમાલયન ક્લાઉડ ઓબ્ઝર્વેટરીની સ્થાપના કરવામાં આવી. વાદળોની ગતિવિધિઓની દેખરેખ રાખનાર આ દેશની બીજી વેધશાળા છે.
- હંગેરીમાં ચાર અથવા વધુ બાળકો પેદા કરનારનું દેવું તથા આજીવન આવકવેરો માફ.
- ગુજરાત સિંહ, દીપડા અને વાઘ ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું. વિશ્વની આવી માત્ર એક ભૂમિ. આ ત્રણેય પ્રાણી ‘થ્રી બીગ કેટ’ તરીકે ઓળખાય છે. કોઈ વન વિસ્તારમાં કુદરતી રીતે સાથે રહેતાં નથી.
- મિસરના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સિસી ઇથોપિયામાં આયોજિત કોન્ટીનેન્ટલ બોડીસ સમિટમાં આફ્રિકન સંઘના ચેરમેન ચૂંટાયા.
- ફ્રાન્સના કોરેન્ટિન મોટેટે ચેન્નઈ ઓપન ATP ચેલેન્જર ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો.
- અબુ-ધાબી જ્યુડિશિયલ ડિપાર્ટમેન્ટ (ADJD)એ અરબી અને અંગ્રેજી બાદ શહેરની અદાલતોમાં બોલાતી ત્રીજી અધિકૃત ભાષા તરીકે હિન્દીનો સમાવેશ કર્યો.
- હુરુન ઇન્ડિયા પરોપકાર સૂચિ-2018માં મુકેશ અંબાણી પ્રથમ સ્થાને. આ યાદીમાં 1 ઓક્ટોબર-2017થી 30 સપ્ટેમ્બર-2018ના સમયગાળા દરમ્યાન 10 કરોડ રૂપિયા કે તેથી વધુ દાન આપનાર વ્યક્તિઓને સ્થાન આપવામાં આવેલ છે.
- કેન્દ્રએ પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ડેરા બાબા નાનક ભૂમિ ચેક પોસ્ટને ઈમિગ્રેશન ચેક પોસ્ટ તરીકે જાહેર કરી. હવે આ પાકિસ્તાનમાં કરતારપુર સાહિબ ગુરુદ્વારાના પ્રવેશ અને નિકાસ માટેની એક અધિકૃત ઈમિગ્રેશન ચેક પોસ્ટ છે.

crackgpsc.com






13

- ભારતીય રેલવેનું 'જોન મોરિસ અઝાક્સ ફાયર એન્જિન' સ્ટેટ્સમેન ચેલેન્જર ટ્રોફી-2019થી સન્માનિત. રાષ્ટ્રીય રેલ સંગ્રહાલય, નવી દિલ્હીમાં સંરક્ષિત આ એન્જિન નિયમિત રીતે વિવિધ શ્રેણીઓમાં દર વર્ષે ટ્રોફીઝ જીતે છે.
- રુચિરા કામ્બોઝ ભૂટાનમાં ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત.
- રેલવે સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડે ગ્વાલિયરમાં યોજાયેલ 9મી સિનીયર નેશનલ મેન્સ હોકી ચેમ્પિયનશિપ જીતી.
- થિરૂવનંથપુરમ-કેરળમાં ઇન્સ્ટીટયુટ ઓફ એડવાન્સ્ડ વાયરોલોજી (IAV)નું ઉદઘાટન. IAV ગ્લોબલ વાયરસ નેટવર્ક (GVN) સાથે જોડાયેલ આ પ્રકારનું પ્રથમ રિસર્ચ સેન્ટર છે.
- પૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ જિમી કાર્ટરે પોતાની ઓટોબાયોગ્રાફી 'ફેથ અ જર્ની ફોર ઓલ' માટે બીજો ગ્રેમી એવોર્ડ જીત્યો.
- જેમી ચાડવિક MRF ચેલેન્જ સિરીઝ જીતનાર પ્રથમ મહિલા બની.
- બિહારના મોતિહારીમાં કૃષિ કુંભ યોજાયો. જેમાં વિવિધ રાજ્યોના 15000થી વધુ ખેડૂતો અને લગભગ 200 જેટલા કૃષિ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો.
- પેટ કમિન્સે ઓસ્ટ્રેલિયન ક્રિકેટનો પ્રતિષ્ઠિત એલન બોર્ડર ચંદ્રક જીત્યો.
- 13 ફેબ્રુઆરી: વિશ્વ રેડિયો દિવસ. આ વર્ષનો વિષય - સંવાદ, સહિષ્ણુતા અને શાંતિ પ્રસારણ.
- ભારત સરકારે ભારતીય સેનાને નવી અસોલ્ટ રાઈફલ્સથી સજ્જ કરવા માટે અમેરિકા સાથે કરાર કર્યો. આ કરાર અનુસાર અમેરિકાની હથિયાર નિર્માતા કંપની સિગ સોયર આ રાઈફલ્સ બનાવશે.

14

- CREDAI યૂથકોન-19 તાલકટોરા સ્ટેડિયમ, નવી દિલ્હીમાં યોજાયું. યૂથકોન CREDAIનું વાર્ષિક યૂથ કોન્કલેવ છે જે ભારતમાં રિયલ એસ્ટેટ ઉદ્યોગની યુવા પેઢીને એક મંચ પર લાવવા માટે યોજાય છે.
- વિશ્વમાં મોટા ડેમ્સની સંખ્યા બાબતે ચીન અને અમેરિકા બાદ ભારત ત્રીજા ક્રમે છે.
- ઇન્ટરનેશનલ ડેમ સેફટી કોન્ફરન્સ-2019 ભુવનેશ્વરમાં યોજાઈ.
- મેઘાલયનું રાજકીય પ્રાણી ક્લાઉડેડ લેપર્ડ નેશનલ ગેમ્સ-2020નું શુભંકર હશે.
- પ્રસિદ્ધ ભારતીય ઈતિહાસકાર સંજય સુબ્રમણ્યમે વર્ષ 2019 માટે ઇઝરાયેલનો પ્રતિષ્ઠિત ડેન ડેવિડ પુરસ્કાર જીત્યો. તેમણે આ પુરસ્કાર એશિયન, યુરોપિયન અને ઉત્તર-દક્ષિણ અમેરિકાના લોકો વચ્ચે આંતર-સાંસ્કૃતિક સંપર્ક માટે કાર્ય કરવા બદલ 'અતીતકાલીન આયામ' શ્રેણી અંતર્ગત જીત્યો.
- પ્રજનેશ ગન્નેસ્વરને પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત ATP ટોપ મેન્સ સિંગલ્સ 100માં સ્થાન મેળવીને 97મો રેન્ક મેળવ્યો. પ્રજનેશ સોમદેવ દેવવર્મન અને યુકી ભાંબરી બાદ છેલ્લા દસ વર્ષમાં ટોપ 100માં સ્થાન મેળવનાર ત્રીજો ભારતીય ખેલાડી છે.
- સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા વિજ્ઞાન ભવન, નવી દિલ્હીમાં મિડિયા યુનિટ્સનું પ્રથમ વાર્ષિક સંમેલન યોજાયું.
- એશિયામાં બાળકોના પ્રાથમિક શિક્ષણના સર્વોત્તમ અભ્યાસ તથા નેટવર્કિંગ માટે જયપુરમાં 'EarlyEd Asia-2019' સંમેલન યોજાયું.

- કેન્દ્ર સરકારે મૈથિલી ભાષા અને તેની લિપિઓના સંરક્ષણ તથા પ્રોત્સાહન માટે દરભંગામાં એક લિપિ અને પાંડુલિપિ કેન્દ્રની સ્થાપના કરવા મંજૂરી આપી.
- બ્રિટિશ એકેડમી ફિલ્મ એવોર્ડ્સ (BAFTA)-2019: સમારોહ લંડનમાં યોજાયો. શ્રેષ્ઠ ફિલ્મ - રોમા, શ્રેષ્ઠ નિર્દેશક - અલ્ફોન્સો ક્વારો (ફિલ્મ રોમા માટે), બેસ્ટ લીડિંગ એક્ટર - રામી મલેક, લીડિંગ એક્ટ્રેસ - ઓલિવિયા કોલમેન.
- જીવ વૈજ્ઞાનિકોએ અરુણાચલ પ્રદેશમાં લેપા-રાદા જિલ્લામાં 'ક્રાઈંગ સ્નેક'ની એક નવી પ્રજાતિ શોધી.

15

- કેન્દ્ર સરકારે બિન-નિવાસી ભારતીયોના લગ્ન રજીસ્ટ્રેશન બિલ-2019ને મંજૂરી આપી.
- કાઉન્ટર-ટેરરિઝમ પર જોઈન્ટ વર્કિંગ ગૃપ (JWG)ની સ્થાપના માટે ભારત અને મોરોક્કો વચ્ચેના MoUને મંજૂરી.
- નવી દિલ્હીમાં ત્રીજી ઇન્ડો-જર્મન ઇકોનોમિક ફોરમ 'ક્લીનર એર, ગ્રીનર ઇકોનોમી' વિષય સાથે યોજાઈ.
- સંસદે પર્સનલ લો (અમેન્ડમેન્ટ) બિલ-2019 પસાર કર્યું. આ બિલ કુષ્ઠ રોગથી પીડિત લોકોના અધિકારોને યથાવત રાખવાનો પ્રયાસ કરે છે.
- ભારતીય સેનાએ નાસિક નજીક વાર્ષિક 'તોપચી અભ્યાસ'માં પોતાની અલ્ટ્રાલાઈટ તોપો અને સ્વાતિ વેપન લોકેટિંગ રડારનો ઉપયોગ કરીને પોતાની તોપોની મારક ક્ષમતાનું પ્રદર્શન કર્યું.
- થાઈલેન્ડમાં એશિયા-પ્રશાંત ક્ષેત્રના સૌથી મોટા બહુરાષ્ટ્રીય સૈન્ય અભ્યાસોમાંનો એક કોબ્રા ગોલ્ડ સૈન્ય સભ્યાસ યોજાયો.
- પુલવામા (જમ્મુ-કાશ્મીર)માં જૈશ-એ-મહમ્મદ (JeM)ના આત્મઘાતી વિસ્ફોટમાં CRPFના 42 જવાનો શહીદ.
- અશ્વિની લોહાની એર ઇન્ડિયાના ચેરમેન અને CMD નિયુક્ત.
- ફ્રાન્સની હાઈપ્રોફાઈલ ફૂટબોલ ક્લબ પેરિસ સેન્ટ જર્માઈને ઇંગ્લિશ ક્લબ માન્ચેસ્ટ યુનાઇટેડને હરાવીને ચેમ્પિયન્સ લીગ જીતી.

16

- ઇન્ડો-યુએસ કોમર્શિયલ ડાયલોગ અને ઇન્ડો-યુએસ CEO ફોરમ નવી દિલ્હીમાં યોજાઈ.
- આઈશર મોટર્સના MD અને CEO સિદ્ધાર્થ લાલ 'EY એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર'થી સન્માનિત.
- બ્રિટનનો 18 વર્ષીય લુકાસ હેટ્ઝમેન એટલાન્ટિક મહાસાગર પાર કરીને મહાસાગર પાર કરનાર વિશ્વનો સૌથી યુવાન રોઅર બન્યો. તે ઉપરાંત સૌથી ઓછા સમયમાં આ ચેલેન્જ પૂર્ણ કરવાનો રેકોર્ડ પણ બનાવ્યો.
- પ્રધાનમંત્રી શ્રમ યોગી માન-ધન (PM-SYM) યોજના શરૂ. આ યોજના અંતર્ગત પારિવારિક પેન્શન અને લઘુત્તમ નિશ્ચિત પેન્શન આપવામાં આવશે. રૂ. 15,000 કે તેથી ઓછી માસિક આવક ધરાવનાર અને 18-40 વર્ષ આયુ વર્ગ ધરાવનાર અસંગઠિત શ્રમિક આ યોજના માટે પાત્ર છે.
- પુલવામા આત્મઘાતી વિસ્ફોટ બાદ ભારતે પાકિસ્તાનને આપેલ MFN (મોસ્ટ ફેવર્ડ નેશન)નો દરજ્જો પરત લઇ લીધો. WTOની રચનાના એક વર્ષ બાદ ઈ.સ. 1996માં ભારતે પાકિસ્તાનને આ દરજ્જો

આપ્યો હતો.

- બી. પી. શર્મા રાજ્ય દ્વારા સંચાલિત હેલિકોપ્ટર નિર્માતા પવન હંસના CMD નિયુક્ત.
- બ્રેડલી કૂપર 'પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ' (PETA) દ્વારા 'ઓસકટ'થી સન્માનિત.
- ઇન્ડિયન એર ફોર્સે રાજસ્થાનના પોખરણમાં ભારતીય વાયુસેનાની લડાયક અને અગ્નિ ક્ષમતાઓનું પ્રદર્શન કરવા માટે 'વાયુ શક્તિ અભ્યાસ-2019'નું આયોજન કર્યું.
- વાઈસ એડમિરલ એસ. એન. ઘોરમાડે ઇસ્ટર્ન નેવલ કમાન્ડ, વિશાખાપટ્ટનમના ચીફ ઓફ સ્ટાફ નિયુક્ત.

17

- જહાજ અને બોટના માલિકોને ન્યુનતમ ઉપલબ્ધ ઊંડાણ વિષે વાસ્તવિક માહિતી આપવા માટે ધ ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (IWAI)એ 'લિસ્ટ અવેઈલેબલ ડેપ્થ ઇન્ફોર્મેશન સિસ્ટમ' (LADIS) નામનું પોર્ટલ લોન્ચ કર્યું.
- આંધ્રપ્રદેશના ભીમાવરમ વિસ્તારના ટુંડુરૂ ગામમાં ગોદાવરી મેગા એકવા ફૂડ પાર્ક સ્થાપિત. ભારતનો આ પ્રથમ મેગા એકવા ફૂડ પાર્ક માછલી અને મરિન પ્રોડક્ટ્સના પ્રોસેસિંગ માટે સંચાલિત થશે.
- નોબલ વિજેતા જર્મન વૈજ્ઞાનિક મેનફ્રેડ આયગેનનું નિધન. તેમણે પ્રતિક્રિયાઓ અને પ્રક્રિયાઓના દર નિર્ધારિત કરવા માટે ટેકનિક વિકસાવી અને રિલેક્સેશન નામની પ્રક્રિયાનું સંચાલન કર્યું.
- ફ્લાઈટ લેફ્ટનન્ટ હિના જયસ્વાલ પ્રથમ મહિલા ફ્લાઈટ એન્જિનિયર બન્યાં.
- દિલ્હી રેલવે સ્ટેશનથી વંદે ભારત એક્સપ્રેસ શરૂ. આ ભારતની પ્રથમ એન્જિન રહિત ટ્રેન છે. પહેલાં આ ટ્રેનનું નામ ટ્રેન 18 હતું. આવી 100 ટ્રેન બનાવવામાં આવશે.
- રાયગઢ, અંબિકાપુર અને કુંભકોણમ નગર નિગમોએ 'સ્વચ્છતા ઉત્કૃષ્ટતા-2019' નો અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર મેળવ્યો.
- ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ લિ.ના ચેરમેન બિનીશ ચુડગરે લાઈફ સાયન્સીઝ એન્ડ હેલ્થકેર કેટેગરીમાં અર્નસ્ટ એન્ડ યંગ 'એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર-2018' પુરસ્કાર જીત્યો.
- પ્રમોદ ચંદ્ર મોદી CBDTના નવા અધ્યક્ષ બન્યા.
- ચંદ્રમૌલી રામનાથન સંયુક્ત રાષ્ટ્રના મેનેજમેન્ટ સ્ટ્રેટેજી, પોલીસી એન્ડ કમ્પ્લાયંસ ડિપાર્ટમેન્ટમાં કંટ્રોલર એન્ડ આસિસ્ટન્ટ સેક્રેટરી-જનરલ નિયુક્ત.
- વિદર્ભે સતત બીજા વર્ષે રણજી ટ્રોફી બાદ ઈરાની ટ્રોફી પણ જીતી. મુંબઈ અને કર્ણાટક બાદ વિદર્ભ રણજી અને ઈરાની કપ બંને સતત બે વખત જીતનાર ત્રીજી ટીમ બની.
- જાપાન સરકારે દેશના એથનીક એનૂ લઘુમતીઓને પ્રથમ વખત 'સ્વદેશી' તરીકે માન્યતા આપવા બિલ રજૂ કર્યું. જાપાન સરકારે 19મી સદીના અંતે આ જાતિના રીત-રીવાજો અને તેમની ભાષાઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો.

18

- ભારતીય વાયુસેનાની સ્ક્વોડ્રન લીડર કમલજીત કૌર અને રાખી ભંડારીએ સિરસામાં પેરેલલ ટેક્સી ટ્રેક (PTT) પર વિમાન લેન્ડ અને ટેક-ઓફ કર્યું. રનવે ઉપલબ્ધ ન હોવાને કારણે PTT ઓપરેશન કરવામાં આવે છે.



crackgpsc.com

- કેરળના કેટી ઈરફાન અને બી સૌમ્યા નેશનલ રેસ વોકમાં ચેમ્પિયન બન્યા.
- કોલકાતામાં દીનદયાલ ડિસેબલ્ડ રિહેબિલિટેશન સ્કિમ (DDRS) પર એક ક્ષેત્રીય સંમેલન યોજાયું.
- બેલ્જિયમની ટેનિસ પ્લેયર એલિસ મર્ટેન્સે કતર ઓપનનો ખિતાબ જીત્યો.
- આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ મોરિસિયો મેક્રી ભારતની ત્રણ દિવસીય મૂલાકાતે.
- વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ-2019 નવી દિલ્હીમાં યોજાયું. જેમાં ફિજીના સતત વિકાસમાં ઉત્કૃષ્ઠ યોગદાન માટે ફિજીના રાષ્ટ્રપતિ ફ્રેંક બેનિરામને સતત નેતૃત્વ પુરસ્કાર-2019થી સન્માનિત.
- સાઈના નેહવાલે પી. વી. સિંધૂને હરાવીને ગુવાહાટીમાં યોજાયેલ યોનેક્સ સનરાઈઝ સિનિયર બેડમિન્ટન નેશનલ્સનો વિમેન્સ સિંગલનો ખિતાબ જીત્યો.
- ઇન્ફોસિસે એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે એક ડિજિટલ પ્લેટફોર્મ 'ઇન્ફીટીક્યૂ' શરૂ કર્યુ.
- ભારતે પુલવામા હુમલાના વિરોધમાં પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર કસ્ટમ ડ્યુટી વધારીને 200% કરી.

19

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા સાંસ્કૃતિક સદભાવ માટે ટાગોર પુરસ્કાર આપવામાં આવ્યા. રાજકુમાર સિંઘાજીત સિંહને વર્ષ 2014 માટે, છાયાનોત (બાંગ્લાદેશનું સાંસ્કૃતિક સંગઠન)ને વર્ષ 2015 માટે અને શ્રી રામ સુતાર વાંજીને વર્ષ 2016 માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો.
- UAE સ્થિત ઇન્ટરનેશનલ કુલિંગ પ્રોવાઇડર કંપની TABREEDએ અમરાવતીમાં ભારતની પ્રથમ ડિસ્ટ્રીક્ટ કુલિંગ સિસ્ટમ બનાવવા માટે આંધ્રપ્રદેશ સરકાર સાથે સમજૂતી કરી.
- સુડાની શરણાર્થી અબ્દુલ અઝીઝ મુહામ્મતે પ્રતિષ્ઠિત માર્ટિન એનનલ્સ માનવાધિકાર પુરસ્કાર જીત્યો.
- અમેરિકન ઇન્વેસ્ટમેન્ટ બેંક જે પી મોર્ગન ચેસ પોતાની ક્રિપ્ટોકરન્સી રજૂ કરનાર પ્રથમ અમેરિકન બેંક બની. આ ક્રિપ્ટોકરન્સી 'જેપીએમ કોઈન'નું મૂલ્ય એક US ડોલર બરાબર છે.
- પંજાબી લેખક નાનક સિંહની જલિયાવાલા બાગ હત્યાકાંડ પર લખાયેલ કવિતા 'ખૂની વૈશાખી'નો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો. આને 1920માં અંગ્રેજોએ પ્રતિબંધિત કરી હતી. નાનક સિંહ જલિયાવાલા હત્યાકાંડ સમયે ત્યાં હાજર હતા અને તેમની ઉંમર 22 વર્ષની હતી. જલિયાવાલા હત્યાકાંડના શતાબ્દી વર્ષને ચિહ્નિત કરવા માટે આ કવિતા માર્ચમાં પ્રકાશિત થશે.
- ઇથોપિયાનો સેમ્યુઅલ તેફેરા 1500 મીટર દોડમાં ઇન્ડોર વર્લ્ડ કપ જીત્યો.
- સુનીલ છેત્રીને ફૂટબોલ દિલ્હી દ્વારા ફૂટબોલ રત્ન સન્માન આપવામાં આવ્યું.
- બ્રાઝિલના રેસર લુકાસ ડિ ગ્રાસીએ બીજી વખત મેક્સિકો સિટી ફોર્મ્યુલા ઈ ગ્રાં પ્રી જીતી.
- ભારતના આદિત્ય જગતાપ બોર્બોને ટ્રેલ-3 PSA ચેલેન્જર સ્ક્વોશ ટુર્નામેન્ટ જીતી.

20

- દિલ્હીના નેશનલ મ્યુઝિયમમાં કોહિનૂર કરતાં બમણી સાઈઝનો જેકોબ હીરો પ્રદર્શન માટે મૂકાયો. આ હીરાની કીમત 400 કરોડ રૂ. છે. આ હીરો હૈદરાબાદના છઠ્ઠા નિઝામ અલી પાસાના પગરખામાં રહેતો હતો. પ્રદર્શનમાં મુકાયેલ હૈદરાબાદના નિઝામનો ખજાનામાં જેકોબ હીરો અને 18મી સદીના કિંમતી આભૂષણોનો સમાવેશ થાય છે.

crackgpsc.com

- જિતેન્દ્ર સિંહ રાઠોડે ચેન્નઈમાં યોજાયેલ છઠ્ઠી ઓપન નેશનલ રેસ વોકિંગ ચેમ્પિયનશિપમાં 50 કિ.મી. સ્પર્ધા જીતી.
- હિમાચલ પ્રદેશ સરકારે સંસ્કૃત ભાષાને રાજ્યની બીજી અધિકૃત ભાષા બનાવવા માટે એક બિલ પસાર કર્યું.
- બેંગલુરુમાં 'ફાર્માસ્યુટિકલ એન્ડ મેડિકલ ડિવાઈસીઝ' પર ભારતનું સૌથી મોટું વૈશ્વિક સંમેલનનું ચોથું સંસ્કરણ 'ઇન્ડિયા ફાર્મા-2019' યોજાયું.
- બિહારના પશ્ચિમ ચંપારણના બેતિયામાં SAILનું સ્ટિલ પ્રોસેસિંગ યુનિટ (SPU) રાષ્ટ્રને સમર્પિત.
- તાજીકિસ્તાનમાં ખોટા ખર્ચ પર રોક લગાવવા માટે બર્થડે પાર્ટી પર પ્રતિબંધ.
- અમેરિકાની નેલી કોડોએ ઓસ્ટ્રેલિયન ઓપન ગોલ્ફ ટૂર્નામેન્ટ જીતી.
- ઓપરેશન-25: પુલવામામાં આત્મઘાતી હુમલાખોર આદિલ ડારને ટ્રેનિંગ આપનાર અફઘાની આતંકવાદી ગાઝી રાશિદ પુલવામામાંથી 25 કિ.મી.થી વધુ આગળ નીકળી ન શકે એમ માનીને પુલવામામાં સેનાએ ઓપરેશન-25 કર્યું.
- સાઉદી આરબ, પાકિસ્તાન વચ્ચે વીજળી, પેટ્રોકેમિકલ્સ સહિતના ક્ષેત્રોમાં 20 અબજ ડોલરના આઠ કરાર. કરારમાં ગ્વાદર પાસે તેલ રિફાઇનરીમાં 8 અબજ ડોલરના રોકાણનો પણ સમાવેશ.
- શૂટિંગનો ISSF વર્લ્ડકપ દિલ્હીમાં શરૂ. ભારતમાં 33 વર્ષમાં આ ત્રીજો શૂટિંગ વર્લ્ડકપ છે. આ ચેમ્પિયનશિપમાં થાઈલેન્ડનો 14 વર્ષનો ઇસારાનુઠોમ ફુરિહિરેનફત સૌથી યુવાન શૂટર છે.
- 20 ફેબ્રુઆરી: વિશ્વ ન્યાય સામાજિક દિવસ. દેશની અંદર અને દેશો વચ્ચે સમાન અધિકારો તથા અવસરોને પ્રોત્સાહન આપવા માટે આ દિવસ ઉજવાય છે. આ વર્ષનો વિષય: ઇફ યુ વોન્ટ પીસ એન્ડ ડેવલપમેન્ટ, વર્ક ફોર સોશિયલ જસ્ટિસ.

21

- ન્યૂયોર્ક રેડ બુલ્સ ફૂટબોલ ક્લબના માલિક ડીટ્રિચ માટેશિટ્ઝ સૌથી અમીર ક્લબ માલિક.
- ભારત સરકારે 16 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મહિલાઓની સુરક્ષા માટે ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS)નો શુભારંભ કર્યો. ઈમરજન્સીમાં દેશવ્યાપી હેલ્પલાઈન નંબર 112 ડાયલ કરી શકાશે.
- એલ્પાઈન સ્કીઈંગની પોસ્ટર ગર્લ અમેરિકાની 23 વર્ષીય મિકાએલા શિફરીને એલ્પાઈન સ્કીઈંગ વર્લ્ડ ચેમ્પિયનશિપની સ્લેલમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. ફેફસાનાં ઇન્ફેક્શનને કારણે તાવ આવતો હોવાથી તે યોગ્ય રીતે શ્વાસ લઇ શકવાની પરીસ્થિતિમાં પણ તે ચેમ્પિયન બની. મિકાએલા એક જ ઇવેન્ટમાં સતત ચાર વર્ષ વર્લ્ડ ચેમ્પિયન બનનાર વિશ્વની પ્રથમ સ્કીયર બની.
- ઓસ્ટ્રિયાના માર્સેલ હિસર્ચરે એલ્પાઈન સ્કીઈંગ વર્લ્ડ ચેમ્પિયનશિપની પુરુષોની સ્લેવમ ઇવેન્ટમાં ગોલ્ડ જીત્યો.
- ડૉ. જી. સી. અનુપમા એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI)નાં અધ્યક્ષ બનનાર દેશનાં પ્રથમ મહિલા બન્યાં.
- 21 ફેબ્રુઆરી: આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસનો વિચાર બાંગ્લાદેશની એક પહેલ હતી. આ દિવસ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં ભાષા દિબસ કે શાહિદ દિબસ તરીકે

ઉજવાય છે.

- જેસલમેરમાં 40મો આંતરરાષ્ટ્રીય વાર્ષિક રણ મહોત્સવ શરૂ.
- સેન્ટર ફોર સાયન્ટીફીક રિસર્ચ (CNRS) અને એક્સ-માર્સલે યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ GPS કે મેપિંગ વિનાની નેવિગેશન ક્ષમતા ધરાવતો પ્રથમ ચાલતો રોબોટ 'એન્ટબોટ' બનાવ્યો. આ એન્ટબોટ રણની કીડીઓના રસ્તા ઓળખવાની ક્ષમતા પર ડિઝાઈન કરવામાં આવ્યો છે જે નેવિગેટ કરવા માટે ધ્રુવીકૃત પ્રકાશ કે પારજાંબલી કિરણોનો ઉપયોગ કરે છે.
- ઈરાને અમેરિકાએ મૂકેલ આર્થિક પ્રતિબંધોની અવગણના કરીને ક્રૂઝ મિસાઈલ ફાયર કરવાની ક્ષમતા ધરાવતી સ્વદેશ નિર્મિત નવી સબમરિન 'ફતહ' લોન્ચ કરી. આ સબમરિન સમુદ્રની સપાટીથી 200 મીટર નીચેથી 35 દિવસ સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે.
- સરકારે 3,000 કરોડ રૂપિયાના 'એનિમી શેર્સ'ના વેચાણ માટે એક સમિતિ બનાવી. આ સમિતિ એનિમી પ્રોપર્ટી એક્ટના સુધારા અંતર્ગત બનાવવામાં આવી. એનિમી પ્રોપર્ટીનું તાત્પર્ય કોઈ શત્રુ, શત્રુ સંબંધી કે શત્રુની કંપની કે પેઢી તરફથી રાખવામાં આવેલ કે પ્રતિબંધિત કોઈપણ સંપત્તિ સાથે છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે નવરચિત મત્સ્ય વિભાગમાં સ્થાઈ રીતે સચિવના એક પદ અને સંયુક્ત સચિવના એક પદને મંજૂરી આપી. મત્સ્ય વિભાગને તાજેતરમાં વર્ષ 2019ના અંતરિમ બજેટમાં રજૂ કરવામાં આવ્યો.
- શ્રી રવિશંકર પ્રસાદે ન્યાય બંધુ મોબાઈલ એપ્લીકેશન અને ડેશબોર્ડ લોન્ચ કર્યું. આ પેરા લીગલ વોલન્ટિયર્સ (PLV)ને ઓન ગ્રાઉન્ડ બાબતોના પ્રી-રજિસ્ટ્રેશનમાં પ્રદર્શન કરવામાં સક્ષમ બનાવશે. આ એક પ્રો બોનો એપ છે.

22

- ચેન્નઈમાં પ્રથમ વખત ગટરની સાફ-સફાઈ કરનાર રોબોટ 'બેંડીકૂટ' બનાવાયો.
- ભારત સરકારે ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડ (OFB)ને લાંબા અંતરની 114 આર્ટિલરી ગન ધનુષના નિર્માણ માટે મંજૂરી આપી. OFB અને ભારતીય સેનાના સંયુક્ત ઉપક્રમે આ પ્રોડક્ટનું નિર્માણ થશે.
- સાયન્સ સિટી, કોલકાતામાં ભારતનું પ્રથમ 'ફુલડોમ 3D ડિજિટલ થિયેટર' શરૂ.
- ઝારખંડ સ્થિત ફૂટબોલ NGO 'યુવા'એ લોરિયસ સ્પોર્ટ ફોર ગુડ પુરસ્કાર જીત્યો. આ એનજીઓ ગર્લ એમ્પાવરમેન્ટ માટે કામ કરે છે.
- લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ એવોર્ડ્સ: સર્બિયાના ટેનિસ પ્લેયર નોવાક જોકોવિચે 'સ્પોર્ટ્સમેન ઓફ ધ યર' એવોર્ડ, અમેરિકાની સિમોન બાઈલ્સે (જિમનાસ્ટિક) 'સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર'નો એવોર્ડ મેળવ્યો. જયારે અમેરિકાના ગોલ્ફર ટાઈગર વુડ્સે કમબેક ઓફ ધ યર તથા ફ્રાન્સ વર્લ્ડ કપ ફૂટબોલ ટીમે ટીમ ઓફ ધ યરનો એવોર્ડ મેળવ્યો.
- પ્રસિદ્ધ હિન્દી લેખક અને સાહિત્યિક આલોચક નામવર સિંહનું નિધન. તેમણે પોતાની 'કવિતા કે નયે પ્રતિમાન' કૃતિ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવ્યો હતો. તેઓ JNUના ભારતીય ભાષા કેન્દ્રના પ્રથમ અધ્યક્ષ હતા.
- જુનિયર વર્લ્ડ ચેમ્પિયન નિખત જરીન અને મીના કુમારી દેવીએ 70મી સ્ટ્રાંજા મેમોરિયલ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યા.

crackgpsc.com

- આર્જેન્ટીના ઇન્ટરનેશનલ સોલાર અલાયન્સ (ISA)ની ફ્રેમવર્ક સમજૂતી પર હસ્તાક્ષર કરનાર 72મો દેશ બન્યો. સાઉદી આરબ પણ આ સમજૂતી પર હસ્તાક્ષર કરીને 73મો દેશ બન્યો. ISA સૌર સંસાધન સંપન્ન દેશોનો સમૂહ છે અને તેનું મુખ્યાલય ગુરુગ્રામ-હરિયાણામાં છે.
- પાકિસ્તાને સાઉદી આરબના પ્રિન્સ સલમાનને સર્વોચ્ચ નાગરિક સન્માન નિશાન-એ-પાકિસ્તાનથી સન્માનિત કર્યા.
- પ્રિન્સે સાઉદીમાં કેદ 3,000 પાકિસ્તાની કેદીઓમાંથી 2,100 કેદીઓને છોડવાની જાહેરાત કરી.
- અનિલ અંબાણી અને કંપનીના બે ડિરેક્ટરો સુપ્રીમ કોર્ટની અવમાનના બદલ દોષી, એરિક્સનને 453 કરોડ રૂપિયા ચૂકવે નહિ તો થશે 3 મહિનાની જેલ. આ સિવાય કોર્ટે રિલાયન્સ ટેલિકોમ અને રિલાયન્સ ઇન્ફ્રાટેલને 1-1 કરોડનો દંડ ફટકાર્યો છે અને જો તેઓ આ દંડની ચૂકવણી નહિ કરે તો તેમને 1 માસની જેલની સજા ફટકારવામાં આવશે.
- ભારતીય શૂટિંગ ટીમે પેરા શૂટિંગ વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો.

23

- 30,274 કરોડ રૂપિયાની દિલ્હી-ગાઝીયાબાદ-મેરઠ રિજિયોનલ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમને મંજૂરી.
- વારાણસીના માન મહેલમાં આભાસી પ્રાયોગિક સંગ્રહાલય (VEM)નું ઉદઘાટન. માન મહેલ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ હેઠળ એક કેન્દ્ર સંરક્ષિત સ્મારક છે.
- સાર્વજનિક ક્ષેત્રની નવરત્ન કંપની ભારત ઇલેક્ટ્રોનિક્સ કંપની (BEL)એ 'એરો ઇન્ડિયા-2019'માં પોતાની નવી પ્રોડક્ટ એટમોસ્ફેરિક વોટર જનરેટર (AWG)નું અનાવરણ કર્યું. AWGનો પ્રયોગ વાયુમંડળમાં પ્રવર્તમાન ભેજમાંથી પાણી ઉત્પન્ન કરવા માટે કરી શકાય છે.
- ગૃહ મંત્રાલયે પોલીસ સેવાઓનું અખિલ ભારતીય નાગરિક સર્વેક્ષણ કરવા માટે પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ બ્યુરોની રચના કરી.
- પ્રસિદ્ધ મલ્લખંભ કોચ ઉદય દેશપાંડે અને મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાનાએ શિવ છત્રપતિ પુરસ્કાર જીત્યો.
- ભારતીય બોક્સર એમસી મેરિકોમે ભારતમાં મહિલાઓની તાલીમ માટે ગ્લોબલ સ્પોર્ટ્સવેર જાયન્ટ કંપની પ્યૂમા સાથે રાજદૂત તરીકે 2 વર્ષનો કરાર કર્યો.
- મંત્રીમંડળે ખેડૂતોને નાણાકીય તથા જળ સુરક્ષા પૂરી પાડવાની કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન (KUSUM) યોજના શરૂ કરવાની મંજૂરી આપી.
- ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પર ઈ-વ્યવહારના માધ્યમથી સ્ટાર્ટ-અપ, મહિલા અને યુવા લાભને પ્રોત્સાહન આપવા માટેની પહેલ તરીકે સરકારે 'SWAYATT' લોન્ચ કર્યું.
- સાઉદી આરબ અને ભારત વચ્ચે ઊર્જા, પર્યટન, દ્વિપક્ષીય વેપાર, પ્રસારણ તથા ISA ક્ષેત્રે કરાર થયા. સાઉદી આરબ આગામી બે વર્ષમાં ભારતમાં 7 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.
- થિરૂવનંથપુરમમાં અટ્ટુકલ પોંગલ મહોત્સવ શરૂ. આ મહોત્સવ વિશ્વના સૌથી મોટા ધાર્મિક આયોજનોમાથી એક છે.
- અરુણાચલ પ્રદેશના લોઅર સુબનસિરી જિલ્લામાં ટેલ વેલી વાઈલ્ડલાઈફ સેન્ક્ચ્યુરીમાં એક દુર્લભ દેડકો (મેગોફ્રીસ પચિપ્રોક્ટસ) મળી આવ્યો. આવો દેડકો 1981માં ચીનમાં શોધાયો હતો.

crackgpsc.com

- નેપાળમાં 'ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા' શરૂ. આ તહેવાર નેપાળની નવી પેઢીને નેપાળ અને ભારત વચ્ચેની સમાનતાથી પરિચિત કરાવવા માટે ઉજવાય છે.
- અનિર્બાન મુખર્જી PayU ઇન્ડિયાના CEO નિયુક્ત.
- 'ગ્લોબલ વોર્મિંગ' શબ્દને પ્રચલિત કરનાર, જલવાયુ વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા વૈજ્ઞાનિક વાલેસ સ્મિથ બ્રોકરનું નિધન. જળ તથા પોષક તત્વોનો સંચાર કરનાર સમુદ્રી ધારાઓની વૈશ્વિક પ્રણાલી 'મહાસાગર કન્વેયર બેલ્ટ'ને ઓળખનાર તેઓ પ્રથમ વૈજ્ઞાનિક હતા.
- માન્ચેસ્ટર સિટી ફૂટબોલ ક્લબ ગૃપમાં સાતમી ફૂટબોલ ક્લબનો સમાવેશ થયો. માન્ચેસ્ટર સિટીએ ચીનની શિચુઆન જુઈનુઈ ક્લબને ખરીદી.
- EPFO દ્વારા 2018-19 માટે 0.10% વધારો. વ્યાજ દર 8.65%.
- ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ઉસ્માન ખ્વાજાએ દુનિયાનું સૌથી મોટું પ્રવાસી પ્લેન એરબસ-A 380 ઉડાડ્યું.
- એરો ઇન્ડિયા-2019 એક્સ્પોમાં મહિલાઓની ઉપલબ્ધિઓને ધ્યાનમાં રાખીને 23મી ફેબ્રુઆરીના રોજ 'મહિલા દિવસ' ઉજવાયો.
- કેરલ ચિકિત્સા ઉપકરણો અને આવશ્યક દવાઓના મૂલ્યોમાં અનિયંત્રિત વૃદ્ધિને ટ્રેક કરવા માટે પ્રાઇસ મોનિટરિંગ એન્ડ રિસર્ચ યુનિટ સ્થાપનાર પ્રથમ રાજ્ય.

24

- સેવાનિવૃત્ત જસ્ટિસ ડી. કે. જૈન પ્રથમ BCCI લોકપાલ નિયુક્ત.
- ગુજરાતમાં વેરાવળના સોમનાથ તીર્થના દરિયામાં સોમનાથ મંદિરથી 15 મીટર દૂર રાજ્યનું પ્રથમ વેવ રાઈડર બોયું લગાવાયું. 1 મીટર વ્યાસ, 200 કિ.ગ્રા. વજન ધરાવતું આ બોયું તરતી સ્થિતિમાં મુકવામાં આવ્યું. આ બોયાની મદદથી મોજાઓની ઊંચાઈ તેમજ તેની દિશા અને તે દરિયા કાંઠે કયા પ્રવાહ-વેગથી આવે છે તેની જાણકારી મળશે. આ આબોહવા પરિવર્તન સંશોધન માટે અતિ ઉપયોગી બનશે. આબોહવાનું પૂર્વાનુમાન મેળવવા માટે ભારતના પૂર્વ-પશ્ચિમ કિનારે 16 વેવ રાઈડ બોયાં લગાવાયા બાદ કેન્દ્રીય મત્સ્યકી પ્રદ્યોગીકી સંસ્થા (CIFT) ભારતીય રાષ્ટ્રીય મહાસાગર સૂચના સેવા કેન્દ્ર (INCOSIS) અને રાષ્ટ્રીય મહાસાગર સંસ્થા (NIO)ના સંયુક્ત ઉપક્રમે આ બોયું લગાવવામાં આવ્યું.
- આતંકવાદીઓને ફંડ આપતા અને આતંકવાદનું પોષણ કરતા આંતરરાષ્ટ્રીય લિસ્ટમાં પાકિસ્તાનનું સ્થાન યથાવત. પેરિસની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ' (FATF) દર વર્ષે 'ગ્રે લિસ્ટ' બહાર પાડે છે.
- ભારતે પાકિસ્તાનમાં જતી ત્રણ નદીઓનું પાણી રોકવાની જાહેરાત કરી.
- પાકિસ્તાને હાફિઝ સઈદ અને નેતા બે સંગઠન જમાત-ઉદ-દાવા અને ફલાહ-એ-ઈન્સાનિયત પર પ્રતિબંધ મૂક્યો.
- આંધ્રપ્રદેશે નાગાલેન્ડને હરાવીને સઈદ મુસ્તાક અલી T20માં 179 રને વિજય મેળવીને સૌથી મોટી જીતનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.
- શ્રેયસ ઐય્યર T20માં સૌથી મોટી ઇનિંગ્સ રમનાર ભારતીય બેટ્સમેન બન્યો.
- 100 વર્ષમાં દુનિયામાં હિંદુ માત્ર 1% તો મુસ્લિમ 10% વધ્યા તથા કોઈ ધર્મમાં ન માનનારાઓમાં 9% વધારો થયો.

crackgpsc.com

- ફિલ્મ પ્રોડ્યુસર રાજકુમાર બડજાત્યાનું નિધન. તેમણે રાજશ્રી પ્રોડક્શન હેઠળ હમ આપકે હૈ કૌન, મૈને પ્યાર કિયા, પ્રેમ રતન ધન પાયો, વિવાહ સહિત 20 ફિલ્મોની નિર્માણ કર્યું હતું.
- ન્યાયમૂર્તિ ઉમા નાથ સિંહ નાગાલેન્ડના પ્રથમ લોકાયુક્ત બન્યા.
- નવી દિલ્હીમાં મેડિકલ ટ્રેડ શો મેડિકલ ફેર ઇન્ડિયા (MFI)-2019 યોજાયો જેમાં 25થી વધુ દેશોના વૈશ્વિક ચિકિત્સા ઉપકરણ નિર્માતાઓ, સ્વાસ્થ્ય સેવા નિષ્ણાતો, થિંક ટેંક અને નીતિ નિર્માતાઓએ ભાગ લીધો.
- પૂર્વ ન્યાયાધીશ, લેખક અને કર્ણાટકના પ્રસિદ્ધ ઉદારવાદી કો ચન્નાબસપ્પાનું નિધન. 'સ્વાતંત્ર્ય મહોત્સવ', 'પ્રાણ પક્ષી', 'જીવન તીર્થ' તેમના મુખ્ય કાવ્ય સંગ્રહો છે. તેમણે 'ગાંધી પારુ', 'નામુરા દીપા', 'ગાયક નિલદા સંગીતા' જેવા વાર્તા સંગ્રહો પણ લખ્યા.

25

- નરેન્દ્ર મોદીએ સિયોલમાં ભારત કોરિયા સ્ટાર્ટઅપ હબનો શુભારંભ કર્યો. ભારત દુનિયામાં રિન્યુએબલ ઊર્જાનો છઠ્ઠો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ગયો.
- રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સહયોગ અને વૈશ્વિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે નરેન્દ્ર મોદીને સિયોલ શાંતિ પુરસ્કાર-2018. મોદી આ પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય.
- સિયોલમાં પીએમ મોદી અને દક્ષિણ કોરિયાના પ્રમુખ મુન જેઈ ઇનની હાજરીમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મીડિયા, સ્ટાર્ટઅપ્સ અને આંતરરાષ્ટ્રીય ગુના સામે લડાઈ સહિત કુલ 7 કરાર થયા. બંને દેશ રાજકુમારી સૂરીરત્ના (રાની હૂર હ્વાંગ ઓક)ની યાદમાં એક ટપાલ ટિકિટ પણ બહાર પાડશે. સૂરીરત્ના અયોધ્યાનાં રાજકુમારી હતાં. તેમનાં લગ્ન દ. કોરિયાના તત્કાલીન રાજા કિમ સૂરો સાથે થયાં હતાં.
- નરેન્દ્ર મોદીએ દક્ષિણ કોરિયા દ્વારા એનાયત 'સિયોલ શાંતિ પુરસ્કાર'ની 1.42 કરોડ રૂપિયાની રકમ 'નમામિ ગંગે'ને આપવાની જાહેરાત કરી.
- ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆએ દુનિયાની પ્રથમ મહિલા AI ન્યુઝ એન્કરનું અનાવરણ કર્યું.
- 40 વર્ષ બાદ પ્રથમ વખત દુનિયાની સૌથી મોટી મધમાખી ફ્લાઈંગ બુલડોગ ઇન્ડોનેશિયાના મોલુક ટાપુમાં મળી આવી. જેની પાંખો 6 સે.મી. અને ડંખ 2 સે.મી. લાંબા છે. આ 19મી સદીમાં બ્રિટિશ પ્રકૃતિવાદી અલ્ફ્રેડ રસેલ વાલેસ દ્વારા ઇન્ડોનેશિયાના બેકન ટાપુ પર શોધવામાં આવી હતી અને 'વાલેસ જાયન્ટ બી' નામ આપવામાં આવ્યું હતું.
- ઓસ્ટ્રેલિયન સરકારે અધિકૃત રીતે બ્રેમબલ કેઈ મેલોમિસ (ઉંદર)ને લુપ્તપ્રાય જાહેર કર્યું. આ ગ્રેટ બેરિયર રીફનું એકમાત્ર સસ્તન મૂળ નિવાસી હતું. 2009 બાદ આ ઉંદર જોવામાં આવ્યા નથી.

crackgpsc.com





- ઓસ્ટ્રેલિયાની વિકેટકીપર એલિસા હેલીએ સૌથી ઊંચો કેચ પકડવાનો રેકોર્ડ ગિનિસ બુકમાં નોંધાવ્યો.
- LIC મ્યુચ્યુઅલ ફંડે MF યુટિલિટીમાં પાર્ટીસીપેટિંગ AMC તરીકે જોડાવાની જાહેરાત કરી.
- જે કે સિમેન્ટ ગુજરાતમાં બાલાસિનોર ખાતે રૂ. 200 કરોડના મૂડી રોકાણ સાથે ગ્રાઈન્ડીંગ યુનિટ સ્થાપશે. આ યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 0.7 MT થશે.
- ચોથું ભારત-આસિયાન એક્સ્પો શિખર સંમેલન નવી દિલ્હીમાં યોજાયું.
- ત્રીજી સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન (SIH)નું ગ્રાન્ડ ફિનાલે માર્ચમાં યોજાશે. હેકાથોન દેશ સમક્ષ આવનાર પડકારોનું સમાધાન કરવા માટે નવીન અને પરિવર્તનકારી ડિજિટલ ટેકનોલોજી સંબંધી નવાચારોની ઓળખ કરનાર એક પહેલ છે. આ દુનિયાનું અત્યાર સુધીની સૌથી મોટું હેકાથોન છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાનાર એકમાત્ર હેકાથોન છે.
- તમિલનાડુ થુથુકુડી જિલ્લામાં બીજું તટરક્ષક મુખ્યાલય મેળવીને બે તટરક્ષક જિલ્લા મુખ્યાલયવાળું દેશનું પ્રથમ રાજ્ય બની ગયું. તેનું પ્રથમ જિલ્લા મુખ્યાલય ચેન્નાઈમાં છે.
- CBDTએ કર સંબંધી વિવાદો દૂર કરવા અને તે સંબંધી મુકદમાની સંખ્યા ઓછી કરવામાં માટે ઇન્કમટેક્ષ કમિશનર સંજીવ શર્માની અધ્યક્ષતામાં ચાર સદસ્યીય સમિતિ બનાવી.
- રક્ષા મંત્રાલયે 100થી વધુ હેવીવેઈટ ટોરપીડોના અધિગ્રહણની મંજૂરી આપી. ટોરપીડો એક સ્વ-ચાલિત હથિયાર છે જેમાં એક વિસ્ફોટક વોરહેડ છે, જે પાણીની સપાટી ઉપર કે નીચેથી લોન્ચ કરી શકાય છે.
- હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL)એ 22 ALH Mk III કરારના ભાગ રૂપે ભારતીય સેનાને પ્રથમ ત્રણ ALH (એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર) સોંપ્યા. ALH 5.5 ટન વજન શ્રેણીનું મલ્ટી-પર્પઝ, નવી પેઢીનું હેલિકોપ્ટર છે, જે HAL દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન તથા વિકસિત કરવામાં આવેલ છે.
- ઝારખંડ સરકારે મધમાખી ઉછેર માટે મીઠી ક્રાંતિ યોજના શરૂ કરી.
- ભારત સરકારે દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ રિજનલ રેપિડ ટ્રાંઝિટ સિસ્ટમ (RRTS)ના નિર્માણને મંજૂરી આપી.

26

- સુડાનના રાષ્ટ્રપતિ ઉમર અલ-બશીરે એક વર્ષની કટોકટીની ઘોષણા કરી. સમગ્ર દેશમાં પોતાની કેબિનેટ અને સ્થાનિક સરકારોને પણ ભંગ કરી.
- પ્રજનેશ ગુન્નેસ્વરને પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત ATP ટોપ મેન્સ સિંગલ્સ 100માં સ્થાન મેળવીને 94મો રેન્ક મેળવ્યો. પ્રજનેશ સોમદેવ દેવવર્મન અને યુકી ભાંબરી બાદ છેલ્લા દસ વર્ષમાં ટોપ 100માં સ્થાન મેળવનાર ત્રીજો ભારતીય ખેલાડી છે.
- ડૉ. દિવ્યા કર્નાડે સમુદ્રી સંરક્ષણ ક્ષેત્રે પોતાના યોગદાન બદલ ગ્લોબલ નેચર ફોર ફ્યુચર એવોર્ડ-2019 જીત્યો. આ એવોર્ડ જીતનાર પ્રથમ મહિલા અને બીજાં ભારતીય બની. ડૉ. ચારુદત્તા મિશ્રા આ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય હતા.
- ફ્લોરિડાથી સ્પેસએક્સ ફાલકન 9 રોકેટ દ્વારા ઈઝરાયેલના પ્રથમ ચંદ્ર લેન્ડર બેરેસેટનું પ્રક્ષેપણ.
- વિજયા બેંક અને દેના બેંકનો બેંક ઓફ બરોડામાં પ્રસ્તાવિત વિલય એપ્રિલ, 2019થી અમલી બનશે.
- ભારતના બોક્સિંગ ચીફ અજય સિંહ AIBAની ગવર્નિંગ બોડી 'ફાઉન્ડેશન બોર્ડ ફોર બેટર બોક્સિંગ'ના અધ્યક્ષ નિયુક્ત.

- કેરળ પોલીસ ડિપાર્ટમેન્ટ પોલીસ કામ માટે હ્યુમનોઈડ 'રોબોકોપ'નો ઉપયોગ કરનાર દેશનો પ્રથમ પોલીસ ડિપાર્ટમેન્ટ બન્યો. આ રોબોટનું નામ 'KP-BOT' છે અને આને સબ ઇન્સ્પેકટર કે SI રેન્કિંગ આપવામાં આવેલ છે.
- વડાપ્રધાન મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાની શરૂઆત કરી.
- ભારતીય પુરુષ હોકી ટીમના કેપ્ટન મનપ્રિત સિંહ એશિયન હોકી ફેડરેશન (AHF) દ્વારા 'પ્લેયર ઓફ ધ યર-2018 એવોર્ડથી સન્માનિત.
- રાજકુમારી રિમા બિંત બંદાર બિન સુલતાન USAમાં સાઉદી આરબનાં નવાં રાજદૂત નિયુક્ત. આ પ્રકારનું પદ મેળવનાર સાઉદી આરબનાં પ્રથમ મહિલા.
- શ્રીલંકા સાઉથ આફ્રિકાની ભૂમિ પર ટેસ્ટ શ્રેણી જીતનાર પ્રથમ એશિયન દેશ બન્યો.
- ICC ટેસ્ટ રેન્કિંગમાં ભારત પ્રથમ ક્રમે, ન્યુઝીલેન્ડ બીજા તથા દક્ષિણ આફ્રિકા ત્રીજા ક્રમે.

27

- અપૂર્વી ચંદેલાએ નવી દિલ્હીમાં આયોજિત ISSF વિશ્વ કપ-2019માં મહિલાઓની 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ જીત્યો. આ ISSF વિશ્વ કપ-2019માં ભારતનો પ્રથમ મેડલ છે.
- નરેન્દ્ર મોદી જવાહરલાલ નેહરુ પછી કુંભમાં સ્નાન કરનારા બીજા વડાપ્રધાન બન્યા. કુંભના 5 સફાઈ કર્મીના પગ ધોયા.
- વૃજ ભૂષણ શરણ સિંહ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ના અધ્યક્ષ ચૂંટાયા.
- નિર્માણાધીન મકાન પર GST 12%થી ઘટાડીને 5% કરાયો.
- વીસ વર્ષ પછી સીરિયા IS મુક્ત થયું. અમેરિકાના નેતૃત્વમાં સીરિયામાં આતંકવાદીઓ સામે લડતી અનેક દેશની સેનાએ બાગુજમાં ISનો આખરી ગઢ ધ્વસ્ત કર્યો. દરમ્યાન ISના લગભગ 2500 આતંકવાદીઓએ શરણાગતિ સ્વીકારી. અબુ બક્ર અલ બગદાદીએ 1999માં ISની સ્થાપના કરી હતી. અમેરિકા સાથે 73 દેશો જોડાયા પણ રશિયા જોડાયું નહોતું.
- અફઘાનિસ્તાનના હઝરતુલ્લાહ ઝાઝાઈ અને ઉસ્માન ઘાનીએ 236 રનની ઓપનિંગ ભાગીદારી સાથે ટી20ના ઈતિહાસમાં કોઈપણ ક્રમ માટેની હાઈએસ્ટ ભાગીદારીનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો.
- અફઘાનિસ્તાને ટી20માં હાઈએસ્ટ સ્કોર (278/3)નો પણ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- અફઘાનિસ્તાનના હઝરતુલ્લાહ ઝાઝાઈનો એક ઇનિંગ્સમાં 16 છગ્ગા સાથે કુલ 22 છગ્ગાનો વર્લ્ડ રેકોર્ડ.
- ભારતીય બેડમિન્ટન સ્ટાર પી. વી. સિંધૂએ બેંગલુરુમાં યેલાહાંકા એર બેઝ ખાતે 'એરો ઇન્ડિયા -2019' એર શોમાં ભારતીય હવાઈ દળના લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'તેજસ'માં ઉડાન ભરી. 'તેજસ' એરક્રાફ્ટમાં ઉડાન ભરનાર સૌથી નાની વયની વ્યક્તિ તથા પ્રથમ મહિલા કો-પાઈલટ બની.
- દિલ્હીમાં ઇન્ડિયા ગેટ પર દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું ઉદઘાટન.
  - આ સ્મારક આઝાદી પછીથી કાઉન્ટર-ટેરરિઝમ સહિત યુદ્ધ અને ઓપરેશનમાં શહીદ થયેલ સૈનિકોનું સ્મરણ કરશે. આ રાષ્ટ્રીય સ્મારક વિશ્વનું સૌથી મોટું સ્મારક છે. તેમાં 25,942 શહીદોનાં નામ ઈંટ પર લખેલ છે. દુનિયાના મોટા દેશોમાં માત્ર ભારતમાં જ અત્યાર સુધીમાં સ્મારકનું નિર્માણ નહોતું થયું. અંગ્રેજોએ પહેલા વિશ્વ યુદ્ધમાં શહીદ ભારતીયોની યાદમાં 1931માં ઇન્ડિયા

ગેટ બનાવ્યો હતો. ઈ.સ. 1971ના યુદ્ધમાં શહીદ થયેલ 3,843 સૈનિકોના સન્માનમાં અમર જવાન જ્યોતિ બનાવાઈ હતી. નેશનલ વોર મેમોરિયલમાં વીરતા ચક્ર ઝોનમાં મુકવામાં આવેલ 6 બ્રોન્ઝ મ્યુરલ્સ રામ સુતાર દ્વારા બનાવાયેલ છે, જેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન તૈયાર કરી હતી.

- પંજાબના તેજેન્દર પાલે ઇન્ડિયન ગ્રાંપીની શોટપુટ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- શૂટિંગ વર્લ્ડ કપમાં શૂટર સૌરભ ચૌધરીએ 10 મીટર એર પિસ્ટલ ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ બનાવીને ગોલ્ડ જીત્યો.
- દેશની પ્રથમ મિનિ બુલેટ ટ્રેન મેક ઇન ઇન્ડિયા અંતર્ગત અમદાવાદમાં જ 24 સપ્તાહમાં તૈયાર થઇને વડોદરામાં પહોંચી. અમદાવાદ મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનની રેપ્લિકા સમાન આ મિનિ એસી બુલેટ ટ્રેન માટેનું એન્જિન કમાટીબાગ-વડોદરામાં લાવવામાં આવ્યું. પાર્ક્સ-ગાર્ડનમાં એસી બુલેટ ટ્રેન લાવવામાં વડોદરા દેશનું પ્રથમ શહેર બન્યું.
- ભારતીય એથ્લીટ તેજસ્વિની શંકરે પોતાના નેશનલ રેકોર્ડની બરાબરી કરીને અમેરિકામાં યોજાયેલ બીગ-10 મીટમાં લોંગ જમ્પમાં ગોલ્ડ જીત્યો.
- નરેન્દ્ર મોદીએ ગીતા આરાધના મહોત્સવ નિમિત્તે ઇસ્કોન, નવી દિલ્હીમાં ભક્તો દ્વારા તૈયાર કરાયેલ ભાગવદ ગીતાનું અનાવરણ કર્યું. 800 કિ.ગ્રા.થી વધુ વજન અને 2.8 મીટર લંબાઈ ધરાવતી આ ગીતા દુનિયાની સૌથી મોટી ગીતા છે.
- ફ્રાન્સનો 20 વર્ષીય કિલિયન એમ્બાપે ફ્રેન્ચ લીગમાં સૌથી નાની વયમાં 50 ગોલ કરનાર ફૂટબોલર બન્યો.
- અમેરિકનું મોન્ટાના રાજ્ય 71 લાખ કરોડમાં કેનેડાને વેચવા માંગે છે. અમેરિકા પર 1,500 લાખ કરોડ રૂપિયાનું દેવું હોવાથી ઓનલાઈન પિટીશન પર 48 કલાકમાં 15 હજારથી વધુ લોકોએ હસ્તાક્ષર કર્યા. સાંસદોની સમિતિએ આ પ્રસ્તાવ ફગાવ્યો. મોન્ટાના 10 લાખ વસતી ધરાવતું અમેરિકાનું ચોથું સૌથી મોટું રાજ્ય છે. મોન્ટાનાનો અર્થ 'પર્વત' થાય છે.
- કેન્દ્રીય સૂચના આયોગ (CIC)એ EVM (ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન)ને RTI એક્ટ હેઠળ આવતું હોવાનો નિર્ણય આપ્યો.
- ભારતીય વાયુ સેનાએ દેશમાં પ્રથમ વખત 'હાઈપર સ્પેક્ટ્રલ ઈમેજરી પ્રોગ્રામ' શરૂ કર્યો.
- લંડનમાં વિશ્વની સૌથી આરામદાયક ટેક્સી શરૂ. આ ટેક્સીમાં ઠંડી માટે ફાયરપ્લેસની પણ વ્યવસ્થા છે.
- લોકોને દેશભરમાં રેલવેમાં ચાલી રહેલ કાર્યની માહિતી આપવાના હેતુથી 'રેલ દ્રષ્ટિ ડેશબોર્ડ' લોન્ચ. આ ડેશબોર્ડનું url 'raildrishti.cris.org.in' છે.
- રાજસ્થાનના બગરુમાં 'તીતાનવાલા સંગ્રહાલય'નું ઉદઘાટન. આ સંગ્રહાલય છીપા જાતિના હાથ બ્લોક મુદ્રણને પ્રદર્શિત કરશે.
- 79મી ઇન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસ (IHS) ભોપાલમાં યોજાઈ.

28

- અમદાવાદ એરપોર્ટ માટે અદાણીની પેસેન્જર દીઠ 177 રૂપિયાની બીડ. અદાણીએ 50 વર્ષનો કોન્ટ્રાક્ટ મેળવ્યો.

- પ્રસિદ્ધ ભારતીય નાટ્યકાર મહેશ એલકુંચવારની 'મહિન્દ્રા એક્સેલન્સ ઇન થિયેટર એવોર્ડ્સ' (META)ના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ-2019 માટે પસંદગી.
- જી. આર. કાર્તિકેયન FMSCI એન્યુઅલ એવોર્ડ્સમાં લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત. તેઓ ભારતના પ્રથમ ફોર્મ્યુલા વન ડ્રાઈવર નારાયણ કાર્તિકેયનના પિતા છે.
- ભારતીય ગ્રાન્ડ માસ્ટર અભિજીત ગુપ્તાએ ચેસમાં કેન્સ ઇન્ટરનેશનલ ઓપન ટ્રોફી જીતી.
- પેપ્સિકોનાં પૂર્વ CEO ઈન્દ્રા નુઈ એમેઝોનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સામેલ.
- ઈંગ્લીશ ફૂટબોલ લીગ (EFL) જીતીને માન્ચેસ્ટર સિટી છઠ્ઠી વખત EFL કપ ચેમ્પિયન બન્યું.
- અમેરિકાના ગોલ્ફર ડસ્ટિન જોનસને WGC-મેક્સિકો ચેમ્પિયનશિપ જીતી.
- સર્બિયાના ટેનિસ ખેલાડી લાસ્લો જેરેએ રિયો ઓપન જીતી.
- સુરેશ રૈના ટી20માં 8000 રન કરનાર ભારતનો પ્રથમ બેટ્સમેન બન્યો.
- 28 ફેબ્રુઆરી: રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સી. વી. રામને 1928માં આ દિવસે રામન ઈફેક્ટની શોધ કરી હતી. આ શોધ માટે તેમને 1930માં નોબલ પુરસ્કાર અપાયો હતો. આ વર્ષનો વિષય - Science for People and People for Science.
- ભારતે પાકિસ્તાનનું F-16 વિમાન તોડી પાડ્યું.
- ભારતનું એક મિગ-21 વિમાન PoKમાં ક્રેશ. વિંગ કમાન્ડર પાયલટ અભિનંદન વર્ધમાનની પાકિસ્તાન આર્મી દ્વારા ધરપકડ.
- સૌરભ ચૌધરી અને મનુ ભાકરે ISSF વર્લ્ડ કપ-2019માં 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમનો સુવર્ણ ચંદ્રક જીત્યો
- રશિયન એમ્બેસી ભારતીય વિદ્યાર્થીઓને અંતરિક્ષ મિશન માટે એવિએશન ક્ષેત્રે ઔદ્યોગિક તાલીમ આપશે.
- સેવાનિવૃત્ત જસ્ટિસ પી. એસ. તેજી પોલીસ કમ્પ્લેઇન્સ ઓથોરીટીના ચેરમેન બન્યા.
- નરેન્દ્ર મોદીએ ખેલોમાં ભાગ લેવાનું સરળ બનાવવા માટે 'ખેલો ઇન્ડિયા' એપ લોન્ચ કરી.
- બિહાર દારૂના કાન્સાઈનમેન્ટને ડિટેક્ટ કરવા માટે સ્પેશિયલ ડોગ સ્કવોડ રાખનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.
- રેલવે ટિકિટ બુકિંગ મોબાઈલ એપ IRCTC રેલ કનેક્ટે આ વર્ષનો રાષ્ટ્રીય ઈ-ગવર્નંસ એવોર્ડ જીત્યો.
- નવી દિલ્હીમાં 'ફ્લાયિંગ ફોર ઓલ'ના વિષય સાથે એવિએશન કોન્કલેવ-2019 યોજાયું.
- DRDOએ ઓરિસ્સાના ITR ચાંદીપુરથી સ્વદેશી રીતે વિકસિત 'ક્વિક રીચ સર્ફેસ-ટૂ-એર મિસાઈલ' (QRSAM)નું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું.
- બંગાળની ખાડીમાં આંધ્રપ્રદેશના તટથી દૂર કૃષ્ણા-ગોદાવરી બેસિનમાં ભવિષ્યના સંભવિત બળતણ મિથેન હાઈડ્રેટની શોધ કરવામાં આવી.
- નરેન્દ્ર મોદીએ વિજ્ઞાન ભવન, નવી દિલ્હીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી માટે દસ વૈજ્ઞાનિકોને શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર અપર્ણ કર્યો.

## શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર

- આ કાર્યક્રમ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. શ્રી રામ નાથ કોવિંદે આ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.
- દર વર્ષે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (CSIR), 8 થી 10 વૈજ્ઞાનિકોની પસંદગી કરે છે, અને તેમને શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કારથી સન્માનિત કરે છે.
- વૈજ્ઞાનિકો છેલ્લા પાંચ વર્ષમાં ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક કાર્ય માટે માન્ય છે.

**કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR):**

- ✓ **હેતુ** - ભારતની સૌથી મોટી સંશોધન અને વિકાસ સંસ્થા
- ✓ **સ્થાન** - નવી દિલ્હી
- ✓ **અધ્યક્ષ** - વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
- ✓ **ડિરેક્ટર જનરલ** - ડૉ. ગિરીશ સાહની

## ઓસ્કાર 2019

- 91મો ઓસ્કાર એવોર્ડ 2019 લૉસ એંજેલ્સના ડોલ્બી થીએટરમાં યોજાયો.
- આ વખતેના ઓસ્કર એવોર્ડની ખાસિયત - 30 વર્ષના ઈતિહાસમાં પહેલી વખત કોઈ પણ એન્કર નહિ કારણ એ હતું કે 3 કલાક જેટલો સમય બચી શકે.
- આ વખતે સૌથી વધારે ચર્ચા બે ફિલ્મો 'ધ ફેવરિટ' અને 'રોમા'ની છે, જેને 10-10 નૉમિનેશન મળ્યાં હતાં.
- અમેરિકન કૉમેડિયન અને અભિનેતા કેવિન હાર્ટ ઓસ્કર સમારોહને હોસ્ટ કરવાના હતા પણ સમલૈંગિકતા અંગે તેમણે અગાઉ કરેલા ટ્વીટની આલોચના બાદ તેમણે સમારોહમાંથી હટી જવું પડ્યું હતું.
- મહેર્શલ્લા અલીની ફિલ્મ ગ્રીન બુકને ઓસ્કર કેટેગરીમાં બેસ્ટ પિક્ચરનો એવોર્ડ મળ્યો. આ ફિલ્મ એક નીગ્રો અને એક વ્હાઈટ મેનના જીવન પર આધારિત છે. જે અમેરિકાના વિવિધ રાજ્યોમાં પિયાનો વગાડવા માટે નીકળે છે. જે ફિલ્મ રિયલ ઈન્સિડન્સ પર આધારિત છે.
- ભારતમાં ગ્રામિણ ક્ષેત્રોમાં માસિક ધર્મ પર આધારિત ફિલ્મ 'પીરિયડ-એન્ડ ઓફ સેન્ટેન્સ'એ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ કેટેગરીમાં ઓસ્કાર મેળવ્યો. આ ફિલ્મનાં નિર્દેશક રાયકા જેહતાબ્ચી છે. આમાં મહિલાઓના સેનેટ્રી પેડની વાતને આવરી લેવામાં આવી છે. ખાસ વાત એ છે કે અરૂણાચલના મુરુગુથમની પણ ફિલ્મમાં એન્ટ્રી થાય છે. જેણે મહિલાઓ માટે સસ્તાં પેડ બનાવ્યાં હતાં. અને અક્ષય કુમારની પેડમેન અને ફુલુ નામની ફિલ્મ પણ આ જ વિષય પર કેન્દ્રિત હતી.
- ધ ફેવરેટ માટે ઓલિવિયા કોલમેને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ જીત્યો. આ તેનો પહેલો ઓસ્કર એવોર્ડ છે.
- રામી મલિકે બોહેમિયા રેપ્યોડોસી માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યો. ફેડી મરક્યુરીના કિરદારમાં રામી મલિકે જીવ રેડી દીધો હતો. જેથી આ એવોર્ડ માટે જીતનો તે સૌથી મોટો દાવેદાર માનવામાં આવી રહ્યો હતો. ફિલ્મમાં તેણે એક હોમોસેક્સુઅલ વ્યક્તિનો કિરદાર પ્લે કર્યો હતો. જે 1970ના દાયકામાં સૌથી મોટો રોકસ્ટાર બને છે. જીવનમાં ચડે છે ઉતરે છે ફરી ચડે છે અને મૃત્યુ પામે છે.
- ઓસ્કર એવોર્ડનો ગઢ ગણાતા ડાયરેક્ટર આલ્ફાન્સો ક્લૂરોને ફરી એક વખત રોમા માટે બેસ્ટ ડાયરેક્ટરનો એવોર્ડ જીત્યો. આ પહેલાં તેમણે ગ્રેવિટી માટે ઓસ્કર મેળવ્યો હતો. 10 વખતનું ઓસ્કર નોમિનેશન પણ

crackgpsc.com

તેમની પાસે જ છે. આલ્ફાન્સોને રોમા માટે બેસ્ટ ફોરેન કેટેગરીનો બીજો ઓસ્કર એવોર્ડ મળ્યો.

- ઓસ્કર એવોર્ડમાં બેસ્ટ ઓરિજનલ સોંગ માટે લેડી ગાગાને ઓસ્કર એવોર્ડ મળ્યો. લેડી ગાગાએ ઓસ્કર મળ્યા બાદ લખ્યું છે કે, માત્ર જીતવું જ નહિ, પણ હાર ન માનવી જોઈએ. જો તમે સપનાં જુઓ છો તો આ માટે ફાઈટ કરો. આપનાં સપનાં સાકાર કરવા માટે Crack GPSC એપ ડાઉનલોડ કરો.
- લેડી ગાગાએ જે ફિલ્મ માટે ઓસ્કર જીત્યો છે તે ફિલ્મની 2011માં બોલિવુડમાં આશિકી-2 નામે રિમેક બની ચૂકી છે. ઓરિજનલ સ્ટાર ઈઝ બોર્નની રિમેકમાં લેડી ગાગાએ ગાયેલા ગીત Sallow માટે તેને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- બેસ્ટ લાઈવ એક્શન માટે સ્કીન ફિલ્મે એવોર્ડ જીત્યો.
- Baoએ બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મનો ઓસ્કર જીત્યો.
- સ્પાઈડર મેન ઈન ટુ ધ સ્પાઈડર વર્સે બેસ્ટ એનિમેટેડ ફિચરમાં એવોર્ડ જીત્યો.
- સપોર્ટીંગ એક્ટર મેલ બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ખિતાબ મહેર્શલા અલ્લીને મળ્યો. મહેર્શલ્લા અલીએ ગ્રીન બુક ફિલ્મ માટે ઓસ્કર એવોર્ડ જીત્યો છે. જેમાં તે એક એવા કાળીયા વ્યક્તિનો રોલ પ્લે કરે છે જે પોતાની નીચે એક ગોરા માણસને કામ પર રાખે છે. જમાનો 70ના દશકનો છે. અને ફિલ્મ રિયલ બેઝ્ડ ઈન્સિડન્સ પર આધારિત છે.
- બેસ્ટ એડિટીંગ શ્રેણીમાં રોકસ્ટાર ફિલ્મ બોહેમિયા રેપ્સોડીએ એવોર્ડ જીત્યો.
- હનાહ બિચલર અને જે હાર્ટને ફિલ્મ બ્લેક પેન્થર માટે બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈનનો ઓસ્કર મળ્યો. હનાહ પહેલી આફ્રિકન-અમેરિકન મહિલા છે જે આ કેટેગરીમાં ઓસ્કર માટે નોમિનેટ થઈ હોય અને વિજેતા પણ બની હોય.
- ઓસ્કાર વિજેતા બેસ્ટ ફિલ્મ ગ્રીનબુક વલસાડમાં મૂળ ધરાવતા બ્રિટિશ ગાયક ફેડીની બાયોગ્રાફી છે.

**ઓસ્કાર-2019 in short**

- ✓ બેસ્ટ ફિલ્મ: ગ્રીન બુક
- ✓ બેસ્ટ એક્ટર: રામી માલેક (ફિલ્મ-બોહેમિયન રેપસોડી)
- ✓ બેસ્ટ એક્ટ્રેસ: ઓલિવિયા કોલમેન (ફિલ્મ-ધ ફેવરીટ)
- ✓ બેસ્ટ ડિરેક્ટર: અલ્ફોન્સો ક્વારોન (ફિલ્મ-રોમા)
- ✓ બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ: રોમા

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ

- યોજનાનું નામ: **PM-KISAN ((પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ) યોજના**
- મુખ્ય હેતુ:
  - ✓ ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦% કેન્દ્ર સહાયિત યોજના.
- સહાયનું ધોરણ:
  - ✓ ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ. 6000 સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થશે. જે ત્રણ સમાન હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવશે.
  - ✓ જેમાં પહેલો હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે.
- સહાય મેળવવા અંગેની પાત્રતા:
  - ✓ બે હેક્ટર સુધીની જમીન ધરાવતું ખેડૂત કુટુંબ [પતિ, પત્નિ અને સગીર બાળકો (૧૮ વર્ષથી ઓછી

crackgpsc.com

વયનાં)] કે જેઓ સંયુક્ત રીતે પોતાની બે હેકટર સુધી ખેડાણ લાયક જમીન ધરાવતાં હોય] સહાય મેળવવા પાત્રતા ધરાવે છે.

- સહાયની પાત્રતા અંગેનાં ધારા ધોરણો અને જરૂરી દસ્તાવેજ:
  - ✓ ખેડુતનું નામ, ગામ, તાલુકો, આધાર નંબર, કેટેગરી, IFSC કોડ અને બેંક ખાતાની વિગતો.
- ખેડૂત કુટુંબે લાભ મેળવવા શું કરવું?
  - ✓ ખાતેદાર ખેડૂતોએ પોતાના ગામમાં જ નક્કી થયેલ સર્વિસ પ્રોવાઇડર મારફત (https://www.digitalgujarat.gov.in/) પોર્ટલ પર ઓનલાઇન સર્વિસ પ્રોવાઇડર જેવા કે વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિનીયોર (વી.સી.ઇ.), દુધ મંડળી, સહકારી મંડળી, અન્ય કોઇ સરકારી અથવા સહકારી સંસ્થા/વ્યક્તિ મારફત અરજી કરાવવી.
  - ✓ અરજીકર્તાએ એ વિગતો સહિતનું ફોર્મ અને સંલગ્ન એકરારનામાની પ્રિન્ટ લઈ સહી કરી બેન્ક એકાઉન્ટ વિગત માટે ચેક/પાસબુકની નકલ અને આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ ડેટા એન્ટ્રી કેન્દ્ર ખાતે જમા કરાવવાની રહેશે. તલાટીએ તમામ વિગતો/દસ્તાવેજો એકત્રિત કરી લેવાના રહેશે.
  - ✓ યોજના અમલીકરણના પ્રથમ વર્ષના પ્રથમ હપ્તા તરીકે આધારકાર્ડ નંબર ન હોય તો, તેવા કિસ્સામાં આધાર એનરોલમેન્ટ નંબર, ડ્રાઇવીંગ લાયસન્સ, ચુંટણીકાર્ડ વગેરે ઓળખપત્ર તરીકે આપવાનું રહેશે.
  - ✓ જમીન ધારક ખેડૂત કુટુંબ પૈકી લેન્ડ રેકોર્ડ પર નામ ધરાવતા વ્યક્તિ જો ગામમાં ન હોય અથવા ગામમાં રહેતા ન હોય તો તેમના વતી ખેડૂત કુટુંબ પૈકીના અન્ય પુખ્ત વ્યક્તિ એકરારનામું રજુ કરી શકશે. જે માટે એકરાનામું કરનાર વ્યક્તિએ પોતાનું નામ અને જમીન ધારક સાથેનો સબંધ એકરારનામાના નીચે ઉલ્લેખ કરવાનો રહેશે.
- જમીન ધારકતા માટે ધોરણો:
  - ✓ જમીન ધારકતાની ગણતરી માટે તા.૦૧/૦૨/૨૦૧૯ની સ્થિતિની જમીન ધારકતા ધ્યાને લેવાની રહેશે.
  - ✓ જમીન ધારકના મૃત્યુના કારણે વારસાઇથી માલિકી હક્ક ટ્રાન્સ્ફર સિવાયના કિસ્સામાં આગામી પાંચ વર્ષ સુધીના કોઇ પણ નવા જમીન ધારકને આ લાભ મળવાપાત્ર રહેશે નહિ.
  - ✓ તા. ૦૧/૧૨/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯ સુધીના સમયગાળામાં જમીન ધારક તરીકે નોંધાયેલ જમીન ધારકને લેન્ડ રેકોર્ડમાં જમીન ધારણ કર્યા અંગેની નોંધણી તારીખથી લાભ મળવાપાત્ર થશે,
  - ✓ આવા કિસ્સાઓ કે જ્યાં ખરીદી, વારસાઇ, વસિયતનામા, ભેટ સહિતના કારણોએ ખેડાણ લાયક જમીનની માલિકીના હક્ક તા.૦૧/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૦૧/૨૦૧૯ના સમયગાળામાં ટ્રાન્સફર થયા હોય તેવા કિસ્સામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ હપ્તા માટે ટ્રાન્સફર તારીખથી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે ચાર મહિનાના પ્રમાણમાં લાભ મળવા પાત્ર થશે.
- સહાય કોને મળવાપાત્ર નથી :

  યોજના હેઠળ સહાય મળવાથી બાકાત સાંસ્થાકીય ખાતેદારો અને નીચે મુજબના ખાતેદારોને ગણવાના રહેશે.

  - o જમીન ધારક ખેડૂત કુટુંબ પાસે અથવા ખેડૂત કુટુંબમાં સમાવિષ્ટ વ્યક્તિઓની સંયુક્ત માલિકી હેઠળ કુલ બે હેક્ટર કરતા વધુ જમીન હોય.
  - o નીચે દર્શાવેલ ઉચ્ચ આર્થિક દરજ્જો ધરાવતા ખેડૂત કુટુંબ લાભ માટે ગેર પાત્ર ઠરશે.
    - ➢ સંસ્થાકીય જમીનધારકો

- જમીન ધારક ખેડૂત કુટુંબમાંની કોઇ એક અથવા વધુ વ્યક્તિ કે જેઓનો નીચેના પૈકી કોઇમાં સમાવેશ થતો હોય.
  - ✓ વર્તમાન અને ભુતપુર્વ તમામ બંધારણીય હોદ્દો ધરાવતા વ્યક્તિ
  - ✓ વર્તમાન અને ભુતપુર્વ મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વર્તમાન અને ભુતપુર્વ લોકસભા / રાજ્યસભા / વિધાનસભાના સભ્યશ્રી, વર્તમાન અને ભુતપુર્વ જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી
  - ✓ સેવારત અને નિવૃત્ત (તમામ) – કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રાલય/કચેરીઓ/ વિભાગો અને તેની ક્ષેત્રીય કચેરીઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ જાહેર સાહસોના, કેન્દ્ર અને રાજ્ય સરકાર હસ્તકની તમામ સ્વાયત્ત અને સંલગ્ન સંસ્થાઓના તેમજ સ્થાનિક સંસ્થાઓના નિયમિત (મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ/ વર્ગ-૪/ ગ્રુપ- ડી સિવાયના) તમામ અધિકારી, કર્મચારી
  - ✓ બ-૨/૩ પૈકીના તમામ વય નિવૃત્ત/નિવૃત્ત પેન્શનધારકો કે જેઓ પ્રતિમાસ રૂ. ૧૦,૦૦૦/- કે તેથી વધુ પેન્શન મેળવતા હોય (મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ/વર્ગ-૪/ગ્રુપ-ડી સિવાયના)
  - ✓ છેલ્લા આકારણી વર્ષમાં ઇન્કમટેક્ષ ચૂકવેલ કરદાતા તેમજ વ્યવસાયિકો જેવા કે ડોકટર, એન્જિનિયર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને આર્કિટેક્ટ કે જેઓ વ્યવસાયિક સંસ્થાઓ સાથે નોંધણી ધરાવતા હોય અને પ્રેક્ટિસ સ્વરૂપે વ્યવસાય ધરાવતા હોય.

---

**ગુજરાત વચગાળાનું બજેટ ૨૦૧૯ અને કેંદ્રીય વચગાળાનું બજેટ ૨૦૧૯**
Crack GPSC **એપમાં અલગથી** PDF **આપવામાં આવેલ છે.**

---

crackgpsc.com

